
કલા, કારીગરી, કૌશલ્ય અને સાહિત્યને ઉજાગર કરતું માસિક • 10, March 2025 | ₹ 30

# વિશ્વકર્મા વિશ્વ

## દેશભરમાં વિશ્વકર્મા જયંતીની ભવ્ય ઉજવણી







બોટાદમાં દેશના સૌથી વિશાળ વિશ્વકર્મા બાગ સમાજને અર્પણ



મુંબઇ વિશ્વકર્મા બાગમાં 'મહાકુંભ'ની થીમ પર વિશ્વકર્મા જયંતીની ઉજવણી

C.S VADGAMA
Mo.: 98252 22959
R.C VADGAMA

Ashish C. Vadgama
Mo.: 80000 22959

MONARCH

CHANDRESH
ENGINEERS

GAJJAR
INSTRUMENT

All kind of Dies, Bearing Cages, Machineary Keys
C.N.C. Wire Cut, Spark Erosion Job & Press Tools Components

Plot No 3-11/2, Dev Industrial Estate, B/h Gorwa Water Tank,
Nr. Golden Polycab, Gorwa, Vadodara, 390 016 (Gujarat. ) Mo. 80000 22959
email : chandreshengg@gmail.com


ભારત સરકારશ્રી દ્વારા
નોટરીની પદવી મળવા બદલ
ખુબ ખુબ અભિનંદન

શ્રી હિરેન
અરવિંદભાઈ ગજજર
(એડવોકેટ એન્ડ નોટરી)
મો. 95864 00008
૫૦૨ અનંત ધ વર્કસ સ્પેસ, કાલાવડ મેઈન રોડ,
જયમલ પરમાર માર્ગ કોર્નર, રાજકોટ.



: શુભેચ્છક :
PRISHA ASSOCIATES
Office No. 9-10, 2nd Floor, Krishna Complex,
Nr. City Center, Raiya Road, Rajkot - 7.

**VISHWAKARMA VISHAWA
(GUJARATI-MONTHLY)
RNI REGD. NO.GUJGUJ/2013/49269**




**Volume No.-14, Issue No.2
Date : 10-03-2025**

**Page : 44
Retail Price Rs.30/-
Annual Subscription Rs. 300/-**

**Editor :** Pravin Dayaljibhai Gajjar (Bhadeshia)

**Graphic Design :** Amit Vaghela

**Web Editor :** Parth Gajjar


**Office :** Vishwakarma Vishwa, Ramy Publication, 320, Heera Panna Complex, Dr. Yagnik Road, Rajkot-360001. Ph. 0281-2461858

**Editor-Publisher-Owner & Printer**: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)

**E-mail:** vishwakarmavishwa@yahoo.com
**Web:** vishwakarmavishwa.com
www.fb.com/vishwakarmavishwa

**'વિશ્વકર્મા વિશ્વ'માં પ્રકાશિત થતી વાંચન સામગ્રીમાં વ્યક્ત થતા વિચારો જે-તે લેખકના છે. એની સાથે તંત્રી/સંપાદક હંમેશા સંમત જ છે તેમ માનવું નહીં. કાનૂની ક્ષેત્ર રાજકોટ રહેશે.**





## સમાજના દુઃખ-દર્દ નિવારવા આવી પહોંચ્યો છે
# વિશ્વકર્મા દાદાનો દરબાર

આજે વિશ્વકર્મા સમાજમાં એવા ઘણા પરિવારો છે. જેને બે ટંકનો રોટલો મેળવવાના પણ સાંસા છે. કોઈ પરિવારની વિવિધ વિવિધ પ્રકારની મુશ્કેલીનો સામનો કર રહી છે તો કોઈ પરિવાર અસાધ્ય રોગોનો સામનો કરવા દવાના પૈસા મેળવવા ફાંફા મારી રહયો છે. તો કોઈ બેરોજગાર છે. આવી બધી સમસ્યા ઉકેલવા જે તે શહેરની સંસ્થાઓની નૈતિક જવાબદારી છે. પરંતુ આવી નૈતિક જવાબદારી નિભાવવા મોટાભાગની સંસ્થાને રસ હોતો નથી. આવી પરિસ્થિતિમાં કોઈપણ શહેરના દુઃખી પરિવારના દુઃખદર્દ દુર કરવાની અમદાવાદના વિશ્વકર્મા દાદાના દરબારે કમર કસી છે અને પીડિત પરિવારોની પીડા દુર કરવાના શ્રીગણેશ કરી દીધા છે.

એક દિવસ અમદાવાદના છેવાડાના વિસ્તારમાં રહેતી પ્રૌઢ વિધવા મહિલા ચાલતા ચાલતા ભુલાભાઈ ચાર રસ્તા પાસે વિશ્વકર્મા પ્રભુજીના મંદિરે પહોંચે છે. મંદિરે પ્રમુખનો સંપર્ક ન થતા તેમનો ફોન નંબર લઈ પ્રમુખ ધર્મેન્દ્રભાઈ દેવળીયાનો સંપર્ક સાધી પોતાની વિતક કથા કહેતા કહે છે, ભાડે રહું છું, ભાડુ ચડી ગયું છે. મકાન માલીકે સામાન રસ્તા પર ફેંકી નાખવાની ધમકી આપી છે. બે પુત્રોમાંથી મોટો છેલ્લા સ્ટેજના કેન્સરથી પીડાય છે. નાનો માનસીક અસ્થિર છે અને મંદિરે બેસીને ભીખ માંગીને રોજના વીસેક રૂપિયા કમાય છે.

... ૨ ...

**નોંધ :** વિશ્વકર્મા વિશ્વમાં પ્રસિદ્ધ થતી વાંચનસામગ્રીનો અને ડીઝાઈનનો જે તે પાર્ટીની પરવાનગી લીધા વગર-અમારી પરવાનગી વગર ઉપયોગ કરવો નહીં નહીંતર કાયદેસરના પગલા લેવાશે તેની નોંધ લેવી. - **તંત્રી**

વિધવા પ્રૌઢે આ વિતક કથા કહી ત્યારે ધર્મેન્દ્રભાઇ દેવળીયાની સાથે અમદાવાદમાં રહસ્ય હોલીસ્ટીક કેર નામની સેવા ભાવથી હોસ્પિટલ ચલાવતા ડો. મલકેશ સીનરોજા પણ હતા. વિધવાની વિતક કથા સાંભળી બંનેનું હૃદય દ્રવી ઉઠયું અને પ્રૌઢ વિધવાના ઘેર પહોંચ્યા. ડો. મલકેશ સીનરોજા વિશ્વકર્મા વિશ્વ સાથેની વાતચીતમાં કહે છે, વિધવા પ્રૌઢના ઘરની પરિસ્થિતિ ન જોવા જેવી હતી. કેન્સર પીડિત પુત્રની દવા માટે પૈસા ન હતા. કેન્સર પીડ઼િત પુત્રને લીકવીડ ખોરાકની વ્યવસ્થા ન હતી. મીઠાના પાણીમાં રોટલી પલાળ-લીકવીડ બનાવી ખોરાક અપાતો.

ડો. મલ્કેશભાઇ કહે છે, પ્રૌઢની વિતકકથા જાણી, ઘરની પરિસ્થિતિ નીહાળી. અમોએ ઘરના ભાડાની વ્યવસ્થા કરી. ઘરમાં ૬ માસ માટે અનાજ કરીયાની વ્યવસ્થા કરી અને કેન્સરની સારવાર માટે આયુર્વેદિક ઇલાજની વ્યવસ્થા કરી.

ડો. મલકેશ સીનરોજા કહે છે, વિધવા પ્રૌઢના ઘરની મુશ્કેલી નજરે નિહાળી. પરંતુ સમાજમાં આવા અનેક પરિવારો દુઃખ દર્દ અને સામાજીક સમસ્યાઓનો સામનો કરી રહયા છે. તેનું શું ? આવા મનોમંથનથી 'વિશ્વકર્મા દાદાનો દરબાર' નામના વોટસએપ ગ્રુપનો ઉદભવ થયો. પીડિત પરિવાર અમારા અંગત નંબર પર પોતાની સમસ્યા-મુશ્કેલી રજુ કરે પછી તે પરિવારની મુશ્કેલીની વિગત વોટસએપ ગ્રુપમાં મુકાયા બાદ તેની જાત તપાસ કરાય છે આમાં સેવા કરવા તત્પર સદસ્યોનો પણ સહયોગ લેવાય છે. અને સમસ્યાનો હલ થાય છે. ૧૫ દિવસમાં આ પ્રકારના છ જેટલા કેસોનું નિવારણ થયું છે.

'વિશ્વકર્મા દાદાનો પરિવાર' ગ્રુપમાં ૧000થી પણ વધુ સભ્યો વિવિધ શહેરમાંથી સામેલ થયા છે અને સેવા કરવા તત્પર બન્યા છે. આમાં મદદ લેનાર અને આપનારના નામો ગુપ્ત રખાય છે. આગામી દિવસોમાં પ્રવૃત્તિ માટે વ્યવસ્થિત માળખુ ગોઠવાશે.

'વિશ્વકર્મા દાદાનો પરિવાર' નામના વોટસએપ ગ્રુપના માધ્યમથી સમાજની સાચી સેવાના બીજ રોપાયા છે. જેને માટે ગ્રુપના એડમીનો અભિનંદનને પાત્ર છે. ગામેગામ બહેનો દ્વારા ચાલતા ગૃહઉદ્યોગ નિર્માણ થાય તેવુ પણ આયોજન વિચારાઇ રહયું છે. અને આ માટે દાતાઓએ તૈયારી પણ બતાવી છે. સમાજની સમરસતા માટે થયેલ આ વાવેતર ભવિષ્યમાં વટવૃક્ષ બને તેવી વિશ્વકર્મા પ્રભુજીને પ્રાર્થના...

**સંપર્ક : ધર્મેન્દ્રભાઇ દેવળીયા - મો. ૯૫૧૨૬ ૫૨૧૭૪**

**ડો. મલકેશભાઇ સીનરોજા - મો. ૯૮૨૫૦ ૩૦૪૧૦.**

Pravin Gajjar

◆ પ્રવિણ ગજ્જર

* ટાઇટલ : મૂર્તિ કલાકાર - અનિકેત મિસ્ત્રી (બરોડા)

# વિદ્યાર્થીઓને પરીક્ષા સમયે તણાવ: કારણો, અસરો અને ઉપાયો

ડો. કૃણાલ પંચાલ



મનુષ્ય જીવન પરીક્ષાઓનું પાટનગર છે એ સ્વીકારતા હોવા છતાં જીવનના દરેક તબક્કે જ્યારે પરીક્ષાનો સમય આવે ત્યારે કોઈપણ વ્યક્તિને ટેન્શન કે તણાવ આવી જાય છે. પરંતુ બાળકોને પરીક્ષા સમયનો તણાવ ઘણીવાર બહુ જ મોટી માનસિક બીમારી કે પીછેહઠ સુધી લઈ જાય છે ત્યારે આપણે તેના કારણો, અસરો અને તેમાંથી મુક્ત થવાના ઉપાયો વિશે ચર્ચા કરવી જ રહી..! કેમ કે આજકાલ બાળકની પરીક્ષા એ પરિવારની પરીક્ષા અને બાળકનો તણાવ એ પરિવારનો તણાવ બની ગયો છે.

બાળકને પરીક્ષાનો હાવ કે ભય ઊભું થવા પાછળ ક્યાંકને કાંક આપણે એટલે કે પરિવાર, શાળા અને શિક્ષકો જવાબદાર છીએ. વિદ્યાર્થીઓ પ્રત્યે સમાજની અપેક્ષાઓ પણ હવે કંઈ ઓછી નથી..! આ પડકારજનક સામાજિક સ્થિતિમાં વિદ્યાર્થીઓનું બગડતું માનસિક સ્વાસ્થ્ય એ ગંભીર સ્વરુપ ધારણ કર્યું છે. અને તેના કારણે આપઘાત સુધીની સ્થિતિ નિર્માણ પામી છે.

પરીક્ષા સમયે બાળકમાં તણાવ માટેના જવાબદાર મહત્વના કારણો જોઈએ તો ઘણા વિદ્યાર્થીઓ પરીક્ષામાં કેવું પરિણામ આવશે? નબળું પરિણામ આવે તો માતા-પિતા શું કહેશે? વગેરે પ્રશ્નો અને સફળ ન થવાની બીક જવાબદાર હોય છે. ઘણી વખત વિદ્યાર્થીને પરિવાર અને શિક્ષકો દ્વારા પહેલો જ નંબર આવવો જોઈએ..! પેલા પડોશીનો દીકરો હંમેશા પહેલો જ નંબર લાવે છે..! આ પ્રકારના દબાણો ઊભા કરવામાં આવે છે. જો બાળક પરીક્ષામાં નિષ્ફળ જશે તો તેના નકારાત્મક પરિણામો વિશે અગાઉથી ધમકીઓ આપવામાં આવે છે. આ ધમકી ક્યારેક વિસ્ફોટ બની શકે એ હકીકત ભૂલવી ન જોઈએ..!

**માતા-પિતાએ બાળકને પરીક્ષા વિશે બોધપાઠ આપતા પહેલા એકવાર પોતાની માર્કશીટ અચૂક જોઈ લેવી : બાળકને પરીક્ષા વિશે પ્રોત્સાહિત કરી શકાય, પ્રેરણા આપી શકાય પરંતુ પ્રેસાર આપવું એ પણ એક પ્રકારનો માનસિક અત્યાચાર જ કહેવાય.!**

કેટલાક કિસ્સાઓમાં વિદ્યાર્થી પોતે પણ તણાવ માટે જવાબદાર હોય છે. કેમ કે વર્ષની શરૂઆતથી પૂરતો અભ્યાસ ન કર્યો હોય અને હવે જ્યારે ઓછો સમય બચ્યો હોય ત્યારે ઓછા સમયમાં તૈયારી કેવી રીતે કરવી ? તે બાબત ચિંતાનું કારણ બને છે. પરીક્ષા સમયે આસપાસનું વાતાવરણ પણ તણાવ માટે જવાબદાર હોય છે. પરીક્ષા સમયે ગંભીર વાતાવરણ અને સતત સફળતા માટેનું દબાણ તણાવ ઉભો કરવા માટે પૂરતા છે..!

પરીક્ષા સમયના તણાવને લીધે બાળકના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર બહુ જ નકારાત્મક અસર ઊભી થાય છે. પરિણામે બાળકને માથાનો દુ:ખાવો, પેટમાં દુ:ખાવો, ઊંઘ ન આવવી, ભૂખ ન લાગવી, સતત થાકની અનુભૂતિ જેવી શારીરિક સમસ્યાઓ થાય છે. આમ તો પરીક્ષા સમયની મુશ્કેલીઓ મનોશારીરિક હોય છે એટલે સતત મનમાં પરીક્ષા વિશેની ચિંતા, ગભરાટ અને હતાશાના લીધે બાળક આત્મવિશ્વાસ ગુમાવી બેસે છે. એકાગ્રતા કેળવી શકતો નથી અને આ સમયે જો સતત બાળકને નકારાત્મક ટકોર કરવામાં આવે તો તેનો સ્વભાવ પણ ચીડિયો થઈ જાય છે. આ અસરોથી મુક્ત થવા માટે


કેટલાક ઉપાયો વિચારવા જ રહ્યા..!

ભાળકને પરીક્ષા સમયના તણાવથી બચવા માટે માતા-પિતા અને શિક્ષકોએ અગાઉથી જ સમયપાલન શીખવવું રહ્યું. પરીક્ષા આવવાની છે એ વર્ષની શરૂઆતથી આપણે જાણીએ છીએ તો પછી પહેલેથી જ તૈયારી કેવી રીતે કરી શકાય? તે અંગે માર્ગદર્શન આપવું જોઈએ. વિદ્યાર્થી વાંચન કરે ત્યારે ઘરના સભ્યોએ તેને સકારાત્મક અને પ્રેરણાત્મક વાતાવરણ પૂરું પાડવું. અભ્યાસક્રમને સમજવા માટે અને સરળતાથી યાદ રાખવા માટે મદદરૂપ થવું. પરીક્ષા સમયે વિદ્યાર્થી દરરોજ છ થી સાત કલાક ઊંઘ લે અને પૂરતો આરામ કરે તે માટે સલાહ આપવી. વિદ્યાર્થીને પરીક્ષા પ્રત્યે સકારાત્મકતા અને આત્મવિશ્વાસ વધશે તો તે અચૂક વધુ સફળતા પ્રાપ્ત કરશે આ વાતને ધ્યાનમાં રાખી બાળકને પરિણામ નહીં પરંતુ પ્રવલ પર ધ્યાન કેન્દ્રિત કરવા પ્રોત્સાહિત કરવો જોઈએ.

જો એવું લાગે કે બાળક તણાવ અનુભવી રહ્યો છે તો તેને દિવસ દરમિયાન ગમતી રમતો કે ઘરના સભ્યો સાથે હળવાશનું વાતાવરણ આપવું અને જરૂર લાગે તો સલાહકાર પાસે કે માનસિક સ્વાસ્થ્ય અંગે સલાહ પણ લઈ શકાય છે. વિદ્યાર્થીને પરીક્ષા સમયની તણાવ મુક્તિ માટે નિયમિત કસરત, સ્વસ્થ આહાર, ધ્યાન અને રસની પ્રવૃત્તિ બહુ જ મહત્વના ઔષધ તરીકે કામ કરી શકે છે. ગુજરાત સરકાર દ્વારા ભોર્ડની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓના માનસિક તણાવને દૂર કરવા જિલ્લા કલાએ સલાહ-માર્ગદર્શનની વ્યવસ્થાઓ કરવામાં આવી છે. ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા પરીક્ષા મિત્ર નામથી વિદ્યાર્થીઓને સલાહ અને માર્ગદર્શન માટેનો અનેખો ઉપક્રમ શરૂ કરવામાં આવ્યો છે. જેના દ્વારા વિદ્યાર્થી પ્રત્યક્ષ અને મોડી રાત્રે વાંચન દરમિયાન પણ જો સ્ટ્રેસ જેવું લાગે તો ટેલિફોનીક રીતે માનસિક સપોર્ટ મેળવી શકે છે. આ પ્રકારના કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓને તણાવ મુક્ત બનાવી પરીક્ષાને એક ઉત્સવ બનાવીએ..

**શીખવા જેવું :** પરીક્ષા એ બાળકની સફળતાનો માપદંડ નથી. બાળકની માર્કશીટ નહી મનઃસ્થિતિ મજબૂત હશે તો એ જીવનમાં અચૂક સફળ બનશે..!

## શ્રી હસમુખભાઇ બોરાણિયાનું ‘બાળસાહિત્ય અકાદમી અને હું’ પર વકતવ્ય




શ્રી હસમુખભાઇ બોરાણિયાએ બાલ સાહિત્ય અધિવેશનમાં આભારદર્શન, અહેવાલ લેખન અને વકતા તરીકે વિષય ‘બાળસાહિત્ય અકાદમી અને હું’ પર વકતવ્ય આપ્યું હતું.

## વિશ્વકર્મા વિશ્વ(માસિક)

રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર્સ(સેન્ટ્રલ રૂલ્સ ૧૯૫૬) અન્વયે વિશ્વકર્મા વિશ્વ(ગુજરાતી, માસિક) અંગેની માહિતી(ફોર્મ નં. - ૪ રૂલ નં ૮)

| | |
|---|---|
| **૧. પ્રકાશનનું સ્થળ** | : ‘મેઘાવી’, આર.એમ.સી. નગર, જૈન બોર્ડીંગ પાસે, એરપોર્ટ રોડ, રાજકોટ-૩૬૦૦૦૭(ગુજરાત) |
| **૨. પ્રસિદ્ધીનો ગાળો** | : માસિક (દર મહિનાની ૧૦મી તારીખે) |
| **૩. મુદ્રક** | : પ્રવિણ દયાળજીભાઈ ગજ્જર(ભાડેશીયા) |
| **રાષ્ટ્રીયતા** | : ભારતીય |
| **સરનામું** | : ‘મેઘાવી’, આર.એમ.સી. નગર, જૈન બોર્ડીંગ પાસે, એરપોર્ટ રોડ, રાજકોટ-૩૬૦૦૦૭(ગુજરાત) |
| **૪. માલિક** | : પ્રવિણ દયાળજીભાઈ ગજ્જર(ભાડેશીયા) |
| **રાષ્ટ્રીયતા** | : ભારતીય |
| **સરનામું** | : ‘મેઘાવી’, આર.એમ.સી. નગર, જૈન બોર્ડીંગ પાસે, એરપોર્ટ રોડ, રાજકોટ-૩૬૦૦૦૭(ગુજરાત) |
| **૫. પ્રકાશક** | : પ્રવિણ દયાળજીભાઈ ગજ્જર(ભાડેશીયા) |
| **રાષ્ટ્રીયતા** | : ભારતીય |
| **સરનામું** | : ‘મેઘાવી’, આર.એમ.સી. નગર, જૈન બોર્ડીંગ પાસે, એરપોર્ટ રોડ, રાજકોટ-૩૬૦૦૦૭(ગુજરાત) |
| **૬. તંત્રી** | : પ્રવિણ દયાળજીભાઈ ગજ્જર(ભાડેશીયા) |
| **રાષ્ટ્રીયતા** | : ભારતીય |
| **સરનામું** | : ‘મેઘાવી’, આર.એમ.સી. નગર, જૈન બોર્ડીંગ પાસે, એરપોર્ટ રોડ, રાજકોટ-૩૬૦૦૦૭(ગુજરાત) |

૭. જે વ્યક્તિઓ આ અખબારના માલિક હોય અને કુલ થાપણના એક ટકાથી વધારે થાપણ રોકનાર ભાગીદારો અથવા શેરહોલ્ડરોના નામ તથા સરનામા ઉપરની કોલમ નં ૪-૫-૬ મુજબ છે.

હુ પ્રવિણ દયાળજીભાઈ ગજ્જર આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

**સ્થળ : રાજકોટ** **પ્રવિણ ડી. ગજ્જર**
**તારીખ :** ૧૦-૩-૨૦૨૫ **(માલિક-પ્રકાશક-તંત્રી-મુદ્રક)**


# વિદ્યા દાન - મહાદાન

## (‘વિશ્વકર્મા વિશ્વ’ દ્વારા આયોજીત ટૂંકી વાર્તા સ્પર્ધાની વિજેતા-૫ વાર્તા)



મહેન્દ્ર વડગામા

**બા એ કપડા ભરીને આપેલી પતરાની પેટી ઉપાડી હું ઝડપથી બસમાં ગોઠવાઈ ગયો. બસની બારીમાંથી આંખમાંથી આંસુ લુછતા બાપુજીને આંખમાં આંસુ સાથે પણ હસતા હસતા ‘‘આવજો, ઉપાધી ન કરતા‘‘ કહી દીધું.**



શ્રાવણની સવારે વાદળોની વચ્ચે ડોકીયા કરતો સુરજ પોતાના કિરણોની આકાશમાં આભા રચી રહ્યો હતો. હું મારા હરિપર ગામના પાદરે એસ.ટી. બસની રાહ જોતો બસ આવવાના સમય પહેલા પિતાજી સાથે બેઠો હતો. સ્ટેશન સુધી વળાવા આવેલા પિતાજી જીવનની આપાધાપીના બધા પાઠ એક સાથે ભણાવી દેવા હોય તેમ શીખામણોના વરસાદ સાથે પ્રેમ વરસાવી રહ્યા હતા. ‘‘અમારી જરાયે ચિંતા કરીશ નહીં. તારો મોટો ભાઈ રાજકોટમાં છે. ખર્ચા પુરતું કમાઈ પણ લે છે છતાં કાંઈ જરૂર પડે તો અમે બેઠા છીએ. તું ભણતા ભણતા એને મદદ કરજે. બેય ભાઈ સંપીને રહેજો. ખાવા પીવાનું હાથે બનાવીને ખાજો. હોટલનું ખાઈ તબીયત બગાડીશ નહીં. રસોઈ બનાવાની આળસ કરતા નહીં. તું પણ ભાઈની જેમ રસોઈ શીખી લેજે જેથી ભાઈનો વખત બગડે નહીં ને ઈ ધંધો કરી શકે. ભણવામાં મન દઈને ભણજે. ભણતા ભણતા થઈ શકે તો પાડોશીના છોકરાઓને ભણાવાનું કામ કરજે. કાગળ પત્ર લખતા રહેજો આળસ ન કરતા‘‘. શીખામણ સાંભળતા સાંભળતા સસોઈ નદીનો બેઠો પુલ ટપી બસ કયારે આવી ગઈ ખબર ન પડી. બા એ કપડા ભરીને આપેલી પતરાની પેટી ઉપાડી હું ઝડપથી બસમાં ગોઠવાઈ ગયો. બસની બારીમાંથી આંખમાંથી આંસુ લુછતા બાપુજીને આંખમાં આંસુ સાથે પણ હસતા હસતા ‘‘આવજો, ઉપાધી ન કરતા‘‘ કહી દીધું. બસે વળાંક લેતા બાપુજી અદ્રશ્ય થઈ ગયા. જાણે જીવનનો નવો વળાંક શરૂ થયો.

મારા મોટા ભાઈ બે વર્ષ પહેલા બારમું ધોરણ પુરૂં કરી રાજકોટ આવી ગયા હતા. માસા-માસી રાજકોટમાં રહેતા હોવાથી મોટા ભાઈને મદદરૂપ થયેલા. પાડોશમાં જ નાની રૂમ ભાડે રાખી રહેતા જેથી સમય કાઢી માસી મદદ કરી જતા. આમ તો શરૂઆતમાં મોટા ભાઈ કારખાનાની નોકરી કરતા - પાળી મુજબ કામે જતા. સમય બચે એમાં માસા સાથે તેના ગેરેજમાં કામ કરતા.

મને રાજકોટ આઈ.ટી.આઈ.માં સિવીલ ડ્રાફ્ટમેનના વ્યવસાયલક્ષી કોર્ષમાં એડમીશન મળી ગયું હતું. મેં જતાવેંત રસોઈ શીખી લીધી હતી. તેથી રસોઈ અને ઘર કામ વહેલા ઉઠી પતાવી હું આઈ.ટી.આઈ. ભણવા જતો. બપોરનું ટીફીન સાથે લઈ જતો. ભાઈને ટિફીન બનાવી આપતો. વળતી વખતે માર્કેટમાંથી શાક-બકાલુ તથા જરૂરી સામાન લઈ ઘરે આવી જતો. નવરો થઈ  અભ્યાસે વળગી જતો. જે મારો નિત્યક્રમ બની ગયો. જયારે વચ્ચે વચ્ચે સમય મળે ત્યારે પાડોશના છોકરાવને વિદ્યા દાન કરતો. એ સંસ્કાર મારામાં કાયમ આજ પર્યંત અકબંધ છે.

આઈ.ટી.આઈ. નો બે વર્ષનો કોર્ષ હતો. પુરો થવાને છ મહિના બાકી હતા. મારો આઈ.ટી.આઈ. માં બનેલો મિત્ર ઘનશ્યામ આર્કિટેકટની ઓફિસમાં ઓળખાણને હિસાબે પાર્ટ ટાઈમ શીખવા જતો. મેં પણ સાહેબને વિનંતી કરી, આઈ.ટી.આઈ. માંથી છૂટીને પાર્ટ-ટાઈમ ઓફીસે જવાનું શરૂ કરવું. આર્કિટેકટ સારા માણસ હતા મારી પરિસ્થિતિ જોઈને મને સ્ટાઈપેન્ડ આપવાનું શરૂ કર્યું. મેં પણ શરમ રાખ્યા વગર શરૂઆતમાં ઓફીસ બોયનું કામ સ્વીકાર્યું સાથે સાથે પ્લાન બનાવવાની તાલીમ લીધી.

**સૌને સાચા અર્થમાં સંસ્કારી બનાવ્યા. દાન અને ધર્મના પાઠ અપાવ્યા. ‘‘કરેલું કાર્ય કયારેય પણ નિષ્ફળ જતું નથી’’ એ સુત્ર આપી અન્યને મદદ કરવાની પ્રેરણા આપતા રહ્યા. આજે પણ તેઓ ભલે હયાત નથી પરંતુ તેના સંસ્કાર જીવી રહ્યા છે.**

આઈ.ટી.આઈ. નો કોર્ષ પુરો થતા હું એ જ ઓફિસમાં ફુલ ટાઈમ કામે વળગ્યો. હવે મારો ખર્ચ નીકળ શકે એટલો પગાર શરૂ થઈ ગયો હતો.

આર્કિટેકટશ્રીના સ્ટ્રકચર ડિઝાઈનર સાહેબની ઓફિસ બાજુમાં હોવાથી મારે સ્ટ્રકચરના ડ્રોઈંગ લેવા અવારનવાર જવાનું થતું. ખૂબ જ ભલા માણસ હતા. સામેવાળાનો ચહેરો વાંચી સામેથી મદદ કરવાનો સ્વભાવ હતો. બપોરે જમવાનો ત્રણ કલાકનો ગેપ પડતો હોવાથી હું તેમની ઓફીસમાં પણ પાર્ટ-ટાઈમ જોડાણો. મને મદદ કરવા માટે જ નોકરીએ રાખ્યો હોય તેમ પાર્ટ ટાઈમમાં પણ ફૂલ ટાઈમનો પગાર આપતા જેથી મારી આવક બમણી થઈ ગઈ.

નાનો ભાઈ પણ હવે ગામડાનો બાર ધોરણનો અભ્યાસ પુરો કરી કોલેજ અભ્યાસ કરવા માટે રાજકોટ આવી ગયો હતો. દરમિયાન મોટા ભાઈના લગ્ન થઈ ગયા હોવાથી ઘરના કામની જવાબદારી સંસ્કારી ભાભીએ ઉપાડી લીધી હતી જેથી બા-બાપુજીને ચિંતા પણ હળવી થઈ શકી હતી. નાનો ભાઈ પણ કોલેજનો અભ્યાસ કરતાં કરતાં મોટા ભાઈ સાથે ફર્નિચરના કામે જોડાણો અને કામમાં અને ઘરમાં મદદરૂપ થતો. આથી, મોટા ભાઈએ નોકરી છોડી ફર્નિચરની દુકાન ભાડે લઈ ધંધો શરૂ કર્યો. આવક વધતા ઘરનું મકાન લીધું. જીંદગી થાળે પડી. બન્ને ભાઈના લગ્ન થયા. બા-બાપુજીને તેડાવી લીધા.

મનની વાતા જાણનારા સાહેબે પણ વાત-વાતમાં મારે ભવિષ્યમાં શું બનવું છે તે જાણી લીધું અને પોતાના જ નાના ભાઈના મકાનના કામનો કોન્ટ્રાકટ આપી કોન્ટ્રાકટર બનાવી દીધો.

હવે જયારે કામ ઉપરથી સાંજના સમયે હું તેમની ઓફીસે જતો ત્યારે મારી પાસે પાર્ટ ટાઈમ સિવીલ ડિપ્લોમા કોર્ષ કરવાનો પ્રસ્તાવ મુક્યો. ભણવાનો બધો ખર્ચો તે ભોગવતા. આમ મને એન્જીનીયર બનાવ્યો. હવે હું ભણેલો કોન્ટ્રાકટર બની ગયો. જેથી મોટા મોટા કામ રાખવાની હિંમત કેળવાણી. સાથે સાથે જરૂર પડે ત્યારે સલાહ-સુચન- માર્ગદર્શન પણ મળી રહેતા.

સાહેબના વિદ્યા દાનનું હું પરીણામ છું. સાથે સાથે મારા જેવા કેટલાયે જરૂરતમંદો તેમની પાસે વિદ્યા દાન મેળવી કોન્ટ્રાકટર, ડોકટર, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બની ચૂકયા છે.


સેવાના ભેખધારી, આજીવન બ્રહ્મચારી, સાદું જીવન જીવતા, વિદ્યા દાનના પ્રણેતા સૌ કોઈના પ્રેરણામૂર્તિ સાહેબને આજે પણ લોકો યાદ કરે છે.

સૌને સાચા અર્થમાં સંસ્કારી બનાવ્યા. દાન અને ધર્મના પાઠ અપાવ્યા. ‘‘કરેલું કાર્ય કયારેય પણ નિષ્ફળ જતું નથી’’ એ સુત્ર આપી અન્યને મદદ કરવાની પ્રેરણા આપતા રહ્યા. આજે પણ તેઓ ભલે હયાત નથી પરંતુ તેના સંસ્કાર જીવી રહ્યા છે.

તેમની પવિત્ર યાદમાં નગરપાલિકાએ તેમની શેરીના નાકે જે ચોક છે તેમાં તેનું નામકરણ કરી શ્રદ્ધાંજલિ આપી છે. ચોકનું નામ છે ‘‘આજીવન સેવાના ભેખધારી શ્રી મુળવંત જી. દોમડીયા સાહેબ ચોક’’. આજે પણ જયારે ત્યાંથી પસાર થાઉં છું ત્યારે મસ્તક નમી જાય છે અને અંતરમાંથી અવાજ નીકળે છે.

‘‘વિદ્યા દાન મહા દાન’’

# પતિનો સાથ છુટે તો જિંદગી કેમ જીવાય તેની જડીબુટ્ટી છે અલ્પા અનુવાડીયા પાસે



કોઈ ન ઇચ્છે કે પ્રેમાળ જીવનસાથીનો સાથ કદી છૂટે, પરંતુ જો અચાનક એક અકસ્માતમાં એવું થાય તો જીવનના એ કારમા આઘાતને પચાવીને હિંમતભેર જિંદગીનો સામનો એકલા હાથે કેવી રીતે કરવો એનું પ્રેરણાદાયી ઉદાહરણ છે કાંદિવલીમાં રહેતાં ૪૨ વર્ષનાં અલ્પા અનુવાડિયા

વર્ષો પહેલાં રાજ કપૂરે કહ્યું હતું કે ધ શો મસ્ટ ગો ઓન! જીવનમાં ગમે તેવી વિકટ પરિસ્થિતિ આવે તોય જીવવું જ પડે, જીવતાં શીખવું જ પડે. આપણા માટે નહીં પણ સ્વજનો માટે. કાંદિવલીમાં રહેતાં ૪૨ વર્ષનાં અલ્પા અનુવાડિયા પર આ સ્થિતિ બંધ બેસે છે. અઢી વર્ષ પહેલાં એક આકસ્મિક ઘટનામાં પતિના સંગાથ ગુમાવ્યા બાદ આજે અલ્પાબહેન એકલા હાથે બાળકો અને સાસુ-સસરાની જવાબદારી ઉઠાવી રહ્યાં છે. ધીરે-ધીરે પોતાની સ્કિલ્સને ડેવલપ કરીને એક્સાથે બે નોકરી અને સાઇડમાં બીજાં નાનાં-મોટાં કામ કરતાં અલ્પાબહેન પોતાના જેવી મહિલાઓને પણ હિંમત રાખીને જીવતાં શીખવાડી રહ્યાં છે.

### સ્મૂધ ચાલી રહેલી ગાડીમાં લાગી બ્રેક



પતિના અવસાને જીવનને ૩૬૦ ડિગ્રી ફેરવી નાખ્યું છે એવું માનનારાં અલ્પાબહેન તેમના જીવનના ટર્નિંગ પોઇન્ટ વિશે જણાવે છે, ૨૦૦૬માં મારાં લગ્ન હરેન સાથે થયાં હતાં. અમે બન્ને પહેલાં ઘાટકોપરની HVK તન્ના કોલેજમાં સાથે ભણતાં હતાં. એ સમયે વિચાર્યું નહોતું કે કોલેજમાં સાથે ભણતા છોકરા સાથે જ મારે જીવન વિતાવવાનું છે. મારા પતિની આવક પણ સારી, સાસુ-સસરા પણ સ્વભાવે સારા મળ્યા તો અમે હેપી ફેમિલીની જેમ રહેતાં હતાં. મને સામાજિક કાર્યોમાં રસ હતો તો સમય વિતાવવા માટે એકથી પાંચ ધોરણનાં ટ્યુશન લેતી હતી. કોઈ ગરીબ બાળક આવે તો તેની પાસે ફીઝ ન લેતી. જીવન બહુ જ હેપી અને સ્મૂધ ચાલી રહ્યું હતું. પરંતુ ૨૦૨૨ની પચીસમી સપ્ટેમ્બરના દિવસે અચાનક આવેલા ફોને મારું જીવન બદલી નાખ્યું.

### એક અકસ્માતે જિંદગી બદલી નાખી

વાત એમ છે કે મારા પતિ બેંગલોરની કંપનીમાં સોફ્ટવેર એન્જિનિયર તરીકે જોબ કરતા હતા. તેમને ક્રિકેટ રમવું બહુ જ ગમતું. જ્યાં મેચ થાય ત્યાં ભાગ લેવા પહોંચી જાય. 'મિડ-ડે કપ'ની પણ ઘણી મેચ તેમણે રમી હતી. રવિવારનો દિવસ હતો તો તેઓ ટૂ-વ્હીલર લઈને સવાર-સવારમાં મેચ રમવા જતા હતા. વરસાદની ઋતુ હતી એટલે રોડ ભીના હતા અને એમાં તેમની બાઇક સ્કિડ થઈ ગઈ. તાત્કાલિક તેમને હોસ્પિટલ લઈ જવાયા હતા અને સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. જોકે આ વાત કંપની તરફથી આવેલા ફોનમાં મને જણાવી નહોતી. 'હરેનને ઈજા પહોંચી છે અને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે તો તમે આવી જજો' મને આટલું જ કહેવામાં આવ્યું હતું. મેં ક્યારેય એકલા ટ્રાવેલ કર્યું નહોતું. બેંગલોર ક્યારેય જોયું નહોતું તેથી આટલું જલદી બેન્ગલોર કેવી રીતે પહોંચું, ત્યાં પહોંચીને હોસ્પિટલ કેવી રીતે શોધું એનું ટેન્શન આવી રહ્યું હતું. વહેલી સવારે બધાને

કોલ કર્યા. એક ફેમિલી ફ્રેન્ડ વહારે આવ્યા. તેમણે મારી ફ્લાઈટની ટિકિટ કાઢી દીધી અને જેમ-તેમ કરીને હું બેંગલોર પહોંચી. ત્યાં મને હરેનના કલીગ્સ કહેતા હતા કે તમારે હિંમત રાખવી પડશે, થોડા કઠણ બનવું પડશે. મને હતું કે ગંભીર ઈજા પહોંચી હશે એટલે મને આ લોકો આવું કહે છે. ત્યાં મને હોસ્પિટલને બદલે શબઘરમાં લઈ ગયા. તેમના મૃત્યુની જાણ થતાં જ મારા પગ નીચેથી જમીન ખસકી ગઈ. મારી હસતી-રમતી દુનિયા તેમના જવાથી વેરવિખેર થઈ ગઈ.!

### શરૂ થયો ટફ ટાસ્ક

ઘરના એકમાત્ર દીકરાનું અવસાન થયા બાદ ઘરના સંચાલનની જવાબદારી અલ્પાબહેને પોતાના ખભે લીધી. જીવનમાં આવેલા અણધાર્યા બદલાવને જણાવતાં તેઓ કહે છે, 'જ્યારે હરેનનું અવસાન થયું ત્યારે મારી દીકરી દિયા ૧૪ વર્ષની અને દીકરો વિવાન છ વર્ષનો હતો. બન્ને બાળકોના ભવિષ્યની ચિંતાએ મારી ઊંઘ ઉડાડી નાખી હતી, કારણ કે અત્યાર સુધી મારા પતિ જ આખા ઘરની આર્થિક જવાબદારી ઉઠાવતા હતા. હું બન્ને બાળકોનો ઉછેર એકલા હાથે કેવી રીતે કરી શકીશ? મેં મારા જીવનમાં ક્યારેય મોત જોયું નહોતું અને અચાનક આ ઘટનાએ મને અંદરથી પૂરી રીતે ઘમરોળી નાખી હતીં. આ સમય મારા જીવનનો સૌથી કપરો સમય હતો. સમય જતાં મેં પોતાની જાતને તેમના વગર જીવવા પ્રિપેર કરી. મેં એક ડાયરીમાં એ બધા જ પ્રશ્નો ઉતાર્યા જે દુનિયા મને પૂછવાની હતી અને સાથે એના જવાબ પણ શોધીને લખતી હતી. પહેલેથી જ પ્રિપેર્ડ હોઈએ કે શું જવાબ આપવો છે તો આપણો અડધો ટાસ્ક ઈઝી થઈ જાય છે એવું મારું માનવું છે. ડાયરીમાં લખવાની આ પ્રેક્ટિસે મને મનથી મજબૂત બનાવી.'



### ઘર ચલાવવાની જવાબદારી ઉઠાવી

સૌથી પહેલાં કમાવાનું શરૂ કરવા રોજગારની તક શોધવા લાગેલાં અલ્પાબહેન કહે છે, પહેલેથી હું ટ્યુશન લેતી હતી એટલે થોડો પ્રચાર કરીને બાળકોની સંખ્યા વધારી. પણ ઘર ચલાવવામાં આટલી આવક પૂરતી નહોતી. હું તૈયાર ઘીની વાટ બનાવવાનું કામ ઘરે લાવતી. એમાં મારાં સાસુ-સસરા પણ હેલ્પ કરાવતાં હતાં. આ સાથે હું કાપડમાં ટિકલી અને મોતી ટાંકવાનું કામ પણ કરતી. એ સમયે મારા પતિની LIC પોલિસીના પૈસા પણ રિલીઝ કરવામાં એજન્ટ નાટક કરતા હતા. એનાથી કંટાળીને મને થયું કે હું આ એક્ઝામ આપી દઉં છું, પાસ થઈ તો મારા જેવા અન્ય લોકોને સરળ અને સાચો રસ્તો દેખાડીશ જેથી હું અત્યારે જે પ્રકારે હેરાન થઈ રહી છું એવું બીજાને ન થવું પડે. સપ્ટેમ્બરમાં મારા પતિનો દેહાંત થયો અને જાન્યુઆરીમાં મેં એજન્ટ બનવા માટેની પરીક્ષા આપી અને પહેલી જ વારમાં હું પાસ થઈ. આજે મારી કમાણીનો આ પણ એકસ્રોત બની ગયો છે. મારા ગુર્જર સુતાર સમાજે પણ બહુ મદદ કરી છે. સમાજના અગ્રણીઓ આર્થિક મદદ કરવા તૈયાર હતા, પણ મદદ લેવામાં મારું સ્વાભિમાન ઘવાતું હતું. મેં તેમને કહ્યું કે મને કોઈ કામ આપો, એના બદલે મને મહેનતાણું આપજો. તેઓ મારી વાતથી સહમત થયા અને આજે મલાડમાં હું વિશ્વકર્મા ચેરિટેબલ ટ્રસ્ટમાં અઠવાડિયે એક વાર જોબ પર જાઉં છું.'

### બાળકોની પિતા માટેની ઝંખના

પિતાની છત્રછાયા ગુમાવ્યા બાદ અલ્પાબહેન માતાની સાથે પિતાનો રોલ પણ પ્લે કરી રહ્યા છે ત્યારે આ વિશે તેઓ વધુ જણાવે છે, 'વિવાન આજે ત્રીજા ધોરણમાં છે. તેને તેના પપ્પા પ્રત્યે બહુ જ પ્રેમ હતો અને હજી પણ છે. મને દરરોજ તે એક જ પ્રશ્ન પૂછે કે દુનિયામાં કરોડો લોકો છે તો ભગવાને મારા જ પપ્પાને ઉપર કેમ બોલાવ્યા? આ સવાલનો જવાબ આપવો મારા માટે દરરોજ અઘરો બને તોય હું તેને એક જ વાત કહું કે તારા પપ્પા બહુ સારા હતા અને ભગવાનને તે ગમ્યા એટલે તેમણે બોલાવ્યા. જોકે મારી દીકરી મનથી બહુ જ મજબૂત થઈ ગઈ છે. તે મને હિમ્મત આપતી હોય કે મમ્મી, જે થવાનું હતું એ થઈ ગયું પણ હવે આપણે ભવિષ્યનો વિચાર કરવાનો છે તો આપણે આગળ ફોકસ કરીએ. અત્યારે મારી દીકરી ૧૧મા ધોરણમાં છે અને દીકરો ત્રીજામાં ભણે છે.'

### અબાકસે નવી દિશા આપી

ગણતરીની સેકન્ડમાં તરત જ ગણિતના મોટા-મોટા હિસાબો ઈમેજિનેશનથી કાઉન્ટ કરી શકાય એવા અબાકસે પણ અલ્પાબહેનની લાઈફમાં મહત્ત્વપૂર્ણ ભાગ ભજવ્યો છે. અબાકસ ટીચર તરીકેની જર્ની વિશે વાત કરતાં તેઓ જણાવે છે, 'હરેનના અવસાન બાદ જીવનને જોવાનો દૃષ્ટિકોણ જ



બદલાઈ ગયો હતો. હવે મારે ઘર ચલાવવાની સાથે આર્થિક જરૂરિયાતો પૂરી કરવાની હતી. મારી આ જર્નીમાં સાસુ-સસરા અને દીકરી મારી હિંમત બન્યાં. તેમણે પહેલેથી જ મને વહુની જેમ નહીં, દીકરીની જેમ રાખી છે. પતિ હતા ત્યારે હું મારાં બાળકોને એક્સ્ટ્રા-કરિક્યુલમ ઍક્ટિવિટી કરાવતી હતી. મેં દીકરાનું અબાકસ ક્લાસમાં ઍડ્મિશન કરાવ્યું હતું, પણ તેમના ગયા બાદ પૈસાની ક્ટોકટી આવી હોવાથી બે ટંકનો રોટલો મળી રહે એ ટાસ્ક પૂરો કરવાનું ફોક્સ હતું. તેથી મેં ટીચરને કહેલું મારો દીકરો કાલથી શીખવા નહીં આવે. તેમણે મને સ્કૂલમાં બોલાવીને કહ્યું, તારો છોકરો ભલે મારી પાસેથી નહીં શીખે, પણ તું શીખીશ. તેમણે મને એક પણ પૈસો લીધા વિના આખો કોર્સ શીખવાડ્યો. એક ટૂલ હોય એની મદદથી ગણિતના મોટામાં મોટા હિસાબો પળવારમાં સોલ્વ કરવાનું મેં શીખ્યું સર્ટિફાઇડ કોર્સ કરીને મને મીરા રોડની ઓસ્વાલ સ્કૂલમાં બાળકોને અબાકસ ભણાવવાની તક આપી. એ સમયે તો મેં મજબુરીમાં કોર્સ શીખ્યો હતો, પણ શીખ્યા બાદ મને એ ગમવા લાગ્યું, તક દેખાવા લાગી. મેં વોટ્સએપ પર ચાલતાં ગ્રુપ્સમાં પબ્લિસિટી કરવાનું શરૂ કર્યું. બહુ જ મહેનત કરીને દેશ-વિદેશમાંથી સ્ટુડન્ટ્સ મેળવ્યા અને આજે હું સવારે પાંચ વાગ્યાના બેચમાં ભણાવું છું. કેરલાની એક મહિલા મારા પાસેથી અબાકસની ટ્રેઇનિંગ લેતી હતી. તેના બાઈના દીકરાનું લિવર ડેમેજ થઈ ગયું હતું અને તેણે એ ડોનેટ કર્યું હતું. બેડ પર રહીને તે અબાક્સ શીખતી હતી અને એ શીખ્યા બાદ તેનામાં પોઝિટિવ ચેન્જ આવ્યા, મારા જીવનમાં પણ અબાકસે મહત્ત્વપુર્ણ ભૂમિકા ભજવી છે. અત્યારે હું SPRIK કન્યાશાળામાં બાળકોને અબાકસ ભણાવવા જાઉં છું.

### NGO શરૂ કર્યું

અલ્પાબહેનને પહેલેથી જ સામાજિક કાર્યોમાં રૂચિ હતી. કોરોનાકાળમાં સ્થાનિક નેતાઓની મદદથી લોકોને રેમડેસિવિર અપાવવાની સાથે પોઝિટિવ હોય એવા લોકોના ઘરે રેશન કિટ પહોંચાડવાનું કામ પણ તેમણે કર્યું છે. સામાજિક કાર્યોમાં તેમની આ જ રૂચિને આગળ વધારીને એક વર્ષ પહેલાં તેમના જ સમાજની જરૂરિયાતમંદ સ્ત્રીઓને પુરતી સહાય મળે એ હેતુથી હેલ્પ ઓફ હન્ડ્રેડ નામના નોન-ગવર્નમેન્ટલ ઑર્ગેનાઇઝેશન (NGO)ની સ્થાપના કરી. આ વિશે વાત કરતાં તેઓ કહે છે, 'સમાજ કે બીજી બાજુએ મદદ મળે એ પુરતી નથી હોતી. ધારો કે કોઈને ૨૦,૦૦૦ની જરૂર હોય તો સમાજ તેને ૧૦૦ ટકા મદદ નથી કરી શકતો. આ કમીને પૂરી કરવા માટે મેં NGO શરૂ કરવાનો નિર્ણષ લીધો, જે સ્ત્રી એકલી રહેતી હોય, બાળકો કે હસબન્ડ ન હોય અથવા દવા ચાલતી હોવ એવી સ્ત્રીઓને હું આર્થિક મદદ પણ કરું છું. NGOના માધ્યમથી હું મારા સમાજની મહિલાઓને એટલું જ કહું છું કે આપણે મોજશોખ માટે તો હજારો રુપિયા ખચે કરી નાખીએ છીએ તો આપણે કોઈની મદદ માટે ૧૦૦ રૂપિયા તો કાઢી જ શકીએ છીએ.'

### ટેલન્ટની કમી નથી

અલ્પાબહેન આટલી પ્રવૃત્તિઓ તો કરે જ છે સાથે તેમને મેંદી લગાવતા પણ આવડે છે. ઊનના દોરા ગુંથીને કીચેઇન અને રાખડી બનાવવામાં પણ તે પાવરધાં છે. બર્થ-ડે કે સંગીત સંધ્યામાં ઍન્કરિંગનું કામ પણ સારું એવું કરી લે છે. તેમણે સમાજનાં ઘણાં ફંક્શન્સમાં એન્કરિંગ કર્યું છે. આ ઉપરાંત સીવણકામ પણ આવડે. બે કાપડને ભેગાં કરી એમાં બંધબેસતી હેવી બોર્ડર લગાવીને સાડી ડિઝાઇન કરવાની પણ કળા તેમનામાં છે. ઓર્ડર આવે તો સમય કાઢીને કરી આપે.

### જીવનને મન મૂકીને માણી લેવું

અલ્પાબહેન આ બધી પ્રવૃત્તિઓની સાથે જીવન પણ મન મુકીને જીવી રહ્યાં છે. તેઓ કહે છે, 'અમે મારા સમાજની જ પાંચ લેડીઝનું 'અનોખી લેડીઝ' નામનું ગ્રુપ બનાવ્યું છે. અમે સમયાંતરે નાની પિકનિક અરેન્જ કરીએ છીએ. મારા પતિના ગયા બાદ એક વાત તો સમજાઈ ગઈ કે જીવનનો કોઈ ભરોસો નથી, જેટલું છે એ મન મૂકીને માણી લેવું જોઈએ. તેથી અમે અમારા સમાજની લેડીઝ માટે પિકનિક અરેન્જ કરીએ. દરેક સ્ત્રી પાસેથી એકદમ ઓછા ૧૦૦-૨૦૦ રૂપિયા લઈએ એમાં તેમનું ટ્રાવેલિંગ, ફરવાનું અને નાસ્તો આવી જાય. થોડા સમય પહેલાં અમે ૭૦ બહેનોને લઈને સંજય ગાંધી નેશનલ પાર્ક ગયાં હતાં.

**(મિડ-ડેમાંથી સાભાર)**

# સૌથી વધુ કાર્યક્રમોથી ધમધમતી વાડજની યુથ ફોરમ સંસ્થા

– પ્રવીણ ગજજર









સંસ્થામાં યોજાતા કાર્યક્રમોમાં વિવિધ પરિવારો મળતા હોય છે ત્યારે ભાઇચારો અને અન્ન ભેગા તો મન ભેગાની કહેવત સાર્થક થતી જોવા મળે છે. અમદાવાદમાં વિવિધ પ્રકારના સૌથી વધુ કાર્યક્રમોનું સફળ આયોજન શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર જ્ઞાતિ યુથ ફોરમ દ્વારા પ્રમુખ શાંતિભાઇ ખોડદીયા અને તેની ટીમ દ્વારા કરવામાં આવે છે. અમદાવાદની આ સંસ્થા દ્વારા આખા વર્ષ દરમ્યાન વિવિધ કાર્યક્રમો સૌથી વધુ થતા હોવાની આ સંસ્થા સદાય ધમધમતી રહે છે.

**વર્ષે ૪ થી ૬ લાખના વિકાસ કાર્ય છતાં સંસ્થા પાસે સારૂ ભંડોળ : શાંતિભાઇ ખોડદીયા**

### આદર્શ લગ્ન

સમુહ લગ્ન તો વર્ષમાં એક વાર યોજાતા હોય છે. પરંતુ પરિવારને પોતાના સમયે અને પોતાની અનુકુળતાએ લગ્ન કરવા હોય તેવા સંજોગોમાં યુથ ફોરમ છેલ્લા પાંચેક વર્ષથી આદર્શ લગ્ન કરાવી આપે છે. આ આદર્શ લગ્ન આપણા સમાજ માટે જ નહીં પરંતુ કોઇપણ સમાજના માટે ખુલ્લા છે. આવુ સર્વ જ્ઞાતિ માટે આદર્શ લગ્નનું આયોજન એકમાત્ર યુથ ફોરમ કરે છે. અત્યાર સુધીમાં એટલે કે ચાર જ વર્ષમાં કુલ ૩૬ આદર્શ લગ્ન યુથ ફોરમ દ્વારા થયા છે. જેમાંથી ૨૦ આદર્શ લગ્ન આપણા સમાજના જ થયા છે. યુથ ફોરમના આંગણે થતા આદર્શ લગ્નની વિશેષતા એ છે કે તેનુ આયોજન એવુ હોય છે કે આદર્શ લગ્ન કરનારને પોતાના આંગણે જ પારીવારીક માહોલમાં જ લગ્ન થતા હોવાની અનુભુતિ થાય છે. કાયદાકીય પાસાના અમલીકરણ સાથે થતા આદર્શ લગ્ન શાસ્ત્રોકત વિધિથી આપણા રીતરીવાજ પ્રમાણે જ ચોટી શણગાર સાથે અને ગરબા, લગ્નગીતોની રમઝટ સોથ થાય છે. શ્રી વિશ્વકર્મા મહિલા ધુન મંડળ આ સેવા આપે છે. જમણવાર પણ મિષ્ટાન સહિતનો અને ઘર આંગણે યોજાતા લગ્નમાં થતા જમણવાર જેવો જ હોય છે. આદર્શ લગ્નમાં કન્યા પાસેથી એક પણ રૂપિયો લેવામાં આવતો નથી. પરંતુ કરીયાવરમાં સંસ્થા અને દાતા મળીને અર્ધા લાખ જેવી રકમનો કરીયાવર આપે છે. આદર્શ લગ્નમાં વર-કન્યાના માતા-પિતાને વિશિષ્ટ સન્માન પણ સંસ્થા દ્વારા આપવામાં આવે છે.

### વિશ્વકર્મા જયંતી અને અમાસની ઉજવણી

યુથ ફોરમ દ્વારા દર અમાસનો ભાવભકિતભર્યા વાતાવરણમાં મહાઆરતી સાથે ઉજવણી થાય છે. આરતી-પુજનથી એક અનોખુ

## નાત-જાતના ભેદભાવ વગર થતા આદર્શલગ્નનું પ્રેરણાદાયી આયોજન

દિવ્ય વાતાવરણ તો થાય છે. સાથોસાથ દર અમાસે સાંજે મહાપ્રસાદનો સૌ લાભ લે છે. પ્રસાદનો લહાવો પણ ભાવિકો લેતા હોય છે. વિશ્વકર્મા જયંતીની ઉજવણી ધમાકેદાર થાય છે. આ દિવસે ૩૦૦૦ જેટલા પરિવારજનો એકત્ર થઇ સાથે ભોજન લઇને વિશાળ પરિવાર ભાવનાનો નારો બુલંદ બનાવે છે.

### આરોગ્ય સેવા

હાલમાં તબીબી સેવા બહુ ખર્ચાળ સાબીત થઇ રહી છે. ત્યારે સમાજના લોકોને વિનામુલ્યે તબીબી સેવા મળી રહે તેવું આયોજન પણ યુથ ફોરમ દ્વારા કરાયું છે. દર રવિવારે સાંજે ૬.૩૦ થી ૮.૩૦ દરમ્યાન ડો. આનંદ વઘાસીયા આવીને જરૂરીયાતવાળા દર્દીઓને તપાસ છે. નિદાન કરે છે. જરૂરીયાત વાળાને સંસ્થા દ્વારા વિનામુલ્યે દવાનું પણ વિતરણ થાય છે. જરૂરીયાતવાળા પરિવારો માટે આ આરોગ્ય સેવા આશીર્વાદરૂપ પુરવાર થઇ છે. આ ઉપરાંત રકતદાન શિબિર, સરકારી યોજનાના કેમ્પો, મેડીકલ કેમ્પોનું પણ આયોજન કરી આરોગ્ય સેવા પુરી પડાય છે.

### રમતગમત

શારીરિક પુષ્ટતા માટે રમતગમત જીવનમાં અતિ જરૂરી છે. એટલે નાનપણથી જ રમતગમત જીવનમાં અતિ જરૂરી છે. એટલે નાનપણથી જ રમતગમત પ્રત્યે રસ જગાવવા રમતગમત પ્રતિયોગીતાનું આયોજન થાય છે. આ ઉપરાંત દર વર્ષે ટેનીસ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન સમાજના સહયોગથી ૮ થી ૯ લાખના ખર્ચે કરવામાં આવે છે. જેમાં ગુજરાતભરની જ નહીં બહારની યુવાનોની ટીમ પણ ભાગ લે છે અને ૪૦૦ થી ૫૦૦ યુવાનો ભાગ લે છે. આ પ્રસંગે વિવિધ સમાજોના આગેવાનોની ઉપસ્થિતિ પણ હોય છે.

### શિક્ષણ

વિદ્યાર્થીઓ ને સમાજમાં વિશિષ્ટ પ્રતિભા ધરાવતા લોકોનું જાહેર સન્માન કરી તેને પ્રોત્સાહિત કરવાનો શિક્ષણ અને પ્રતિભા સન્માન કાર્યક્રમ પણ યોજાય છે. વિદ્યાર્થીઓને રાહત દરે ચોપડા વિતરણ તેમજ શૈક્ષણિક વ્યાખ્યાનોનું આયોજન કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન કરવામાં આવે છે.

### હસ્તકલા

વિશ્વકર્મા પ્રભુજીએ આપેલ કલાનો વારસો સમાજની અનેક દિકરી ઉજાગર કરી અને હસ્તકલા ક્ષેત્રે નામના મેળવતી રહે છે. બહેનોની આ કલાને પ્રોત્સાહિત કરવા સંસ્થા દ્વારા હસ્તકલા પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવે છે. પ્રદર્શનમાં બહેનોએ જાતે જ તૈયાર કરેલ કલાત્મક ચીજવસ્તુઓ પ્રદર્શીત અને વેચાણ કરાય છે. હસ્તકલાક્ષેત્રે મોટુ યોગદાન આ પ્રદર્શનની બહેનોને મળે છે.

આ ઉપરાંત ૧૫ ઓગસ્ટ, ૨૬ જાન્યુઆરીના રોજ દેશ પ્રેમથી સભર ધ્વજવંદન સહિતના કાર્યક્રમ યોજાય છે. સાથોસાથ શરદ પૂર્ણિમા, જન્માષ્ટમી જેવા કાર્યક્રમોના આયોજન થયા છે. જેમાં સમાજ હોંશભેર ભાગ લઇ ધન્યતા અનુભવે છે.

૧૯૮૧માં ઉદય પામેલા સંસ્થાના પ્રમુખ શાંતિભાઇ ખોડદીયા વિશ્વકર્મા વિશ્વ સાથેની મુલાકામાં કહે છે, સંસ્થા દ્વારા વિવિધ આયોજન અને ૪ થી ૫ લાખના વાર્ષિક વિકાસ કામો થાય છે. છતાં દાતા અને સમાજના પ્રેમથી સંસ્થા દિન પ્રતિદિન પ્રગતિ કરે છે અને હાલમાં સંસ્થા પાસે ૧ કરોડ અને ૧૭ લાખનું ભંડોળ છે. જે સમાજનો સંસ્થા સાથેના પ્રેમનું દર્શન કરાવે છે.

## પરમ જોલાપરાની મિશન નવભારતના યુવા મહામંત્રી તરીકે નિમણૂક



મિશન નવ ભારત એ રાષ્ટ્રિય સ્વયં સેવક સંઘ અને નરેન્દ્ર મોદી વિચાર મંચ ની વિચાર ધારા સાથે કામ કરતો સંઘ છે. જેમાં ૩/૨/૨૦૨૫ ન રોજ આર્યનભાઈ ત્રિવેદીની મોરબી જિલ્લા ના પ્રમુખ તરીકે નિમણૂક કરવામાં હતી. તા. ૫/૨/૨૦૨૫ ના પરમ ધર્મેશભાઇ જોલાપરા ની મિશન નવ ભારત ના યુવા મોર્ચા મહામંત્રી તરીકે નિમણૂક કરવામાં આવી હતી. આ સાથે ભાવેશભાઈ પટેલની પણ મહામંત્રી તરીકે નિમણૂક કરવામાં આવી. પરમ જોલાપરા એ સાહિત્ય ક્ષેત્રે પણ કાર્યરત છે. ૨૦૨૦ માં કલામહાકુંભ માં તેમણે લોકવાર્તામાં મોરબી જિલ્લામાં પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો અને પ્રદેશ કક્ષાએ મોરબી જિલ્લાનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

મોરબી જિલ્લા પોલીસ અધિક્ષક (તા.) શ્રી એસ.આર. ઓડેદરા સાહેબે પણ પરમ જોલપરા ના નિવાસસ્થાને મુલાકાત લીધી હતી અને બહુમાન વધાર્યુ હતું. પરમ જોલાપરાના લેખ વિશ્વકર્મા વિશ્વમાં પણ પ્રગટ થઈ ચૂક્યા છે

# મુંબઇ વિશ્વકર્મા બાગમાં 'મહાકુંભ'ની થીમ પર વિશ્વકર્મા જયંતીની ઉજવણી











દર વરસની જેમ આ વર્ષે પણ શ્રી ગુર્જર સુતાર વિશ્વકર્મા બાગ ખાતે શ્રી વિશ્વકર્મા દાદાની જયંતિનું આયોજન તારીખ ૧૦/૦૨/૨૦૨૫ ના રોજ કરવામાં આવ્યું હતું. મુંબઈ બાગમાં દર વર્ષે એક અલગ અને આકર્ષિત નજરાણું સજાવટ ક્ષેત્રે જોવા મળે છે. જેમ કે. પુલવામા અટેક વખતે શહીદોને શ્રદ્ધાંજલિ. ગયા વર્ષે શ્રી રામ જન્મ ભૂમિની પ્રાણપ્રતિષ્ઠાને ધ્યાનમાં રાખીને શ્રી રામની થીમ પર સજાવટ કરી હતી. તેમજ આ વર્ષે મહાકુંભનું આયોજન પ્રયાગરાજમાં થયું છે. એ ધ્યાનમાં રાખીને કાર્યકર્તા ભાઈઓ અને બહેનોની સજાવટની આગવી શૈલીમાં મહાકુંભની સજાવટ વણી લેવામાં આવી હતી. જેમાં સંપૂર્ણ હોલ અને દાદાના મંદિરને પણ સજાવ્યું હતું. જે કોઈ ભાવિક ભક્તો મહાકુંભમાં નથી પહોંચી શક્યા તેમની માટે વિશ્વકર્મા બાગમાં જ મહાકુંભનું જળ મંગાવી અને ફુવારા દ્વારા મહાકુંભની અનુભૂતિ કરાવી હતી. વહેલી પરોઢે દાદાની પૂજા યજમાનો અને ભૂદેવો દ્વારા કરવામાં આવી હતી. જેમાં વિશ્વકર્મા બાગમાં વિશ્વકર્મા જયંતિ નિમિત્તે એક ઉત્સવ કમિટી નિમવામાં આવે જે જેમાં ૨૦૨૫ની ઉત્સવ કમિટીમાં પ્રમુખઃ શ્રી નરેન્દ્રભાઈ નાગજીભાઈ વડગામા, ઉપપ્રમુખઃ શ્રી રોહિત નવીનભાઈ બકરાણીયા, ખજાનચી : શ્રી સુરેશભાઈ ઠાકરશીભાઈ સુરેલિયાની નિમણૂક કરવામાં આવી હતી

મહાપૂજા કર્યા બાદ વિશ્વકર્મા દાદાની ભવ્ય પાલખી યાત્રાનું આયોજન કર્યું હતું. જેમાં જાણે સાક્ષાત મોહિની અને દેવ ધન્વંતરીના પાત્રોએ પાલખી યાત્રામાં લોકોને મહાકુંભની પ્રસાદ આપી સંતૃપ્ત કર્યા હતા. આ પાલખી યાત્રાની વિશેષતા કહી શકાય એવી વિશ્વકર્મા દાદાની સેવનના લાકડાની સુંદર કોતરકામ કરેલી પાલખી હતી જે શ્રી પ્રભુ ઇન્ટીરીયરનાં હિતેશભાઈ પ્રભુભાઈ પંચાસરા અને શ્રીમતી ધ્વનિ હિતેશભાઈ પંચાસરા દ્વારા ભેટ આપવામાં આવી હતી વિશ્વકર્મા દાદા ની પાલખી ખરેખર ખૂબ આકર્ષક બનાવી છે.

અને પાલખીમાં રાખવા માટે વિશ્વકર્મા દાદાનો સજાવટ કરેલ ફોટો શ્રી ગુર્જર સુતાર વિશ્વકર્મા ભજન મંડળ દ્વારા વિશ્વકર્મા












બાગમાં ભેટ આપવામા આવ્યો હતો. અને પાલખી યાત્રાની સાથે સાથે બાગમાં ખૂબસરસ મજાના અન્નકૂટ દર્શનની ઝાંખી કરાવવામાં આવી હતી જેની સજાવટ બહેનોને કળશ આકારમાં ખૂબ આહલાદક રીતે કરી હતી જે ખૂબ સરાહનીય છે. અન્નકૂટ દર્શન અને પાલખી યાત્રા બાદ મહાઆરતીનું આયોજન રાખવામાં આવ્યું હતું. જેમાં ઘણી મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ લાભ લીધો હતો. ત્યારબાદ મહાપ્રસાદની આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમાજના કોઈ પણ સભ્યોને તકલીફ ન પડે અને વયોવૃદ્ધ લોકોને બેસાડી ને. જમાડવાની વ્યવસ્થા કાર્યકર્તા ભાઈઓ અને બહેનો દ્વારા કરવામાં આવી હતી હતી. મહાપ્રસાદ બાદ મુખ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેની શરૂઆત ટ્રસ્ટ કમિટી-૨૦૨૫ના પ્રમુખ આશિતભાઈ ધીરુભાઈ ઘોરેચા, ઉપપ્રમુખ વિઠ્ઠલભાઈ બાબુભાઈ અધેડા, મંત્રી તુષારભાઈ નાગજીભાઈ કથ્રેચા, ખજાનચી તુષારભાઈ વ્રજલાલ ધ્રાંગધરિયા, ટ્રસ્ટી રસીકભાઈ સવજીભાઈ વઘાડિયા, ટ્રસ્ટીશ્રી રમેશભાઈ શામજીભાઈ અંબાસણા, ટ્રસ્ટીશ્રી સુરેશભાઈ સવજીભાઈ અનુવાડીયા અને ઉત્સવ કમિટીના સભ્યો દ્વારા દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવ્યું હતું. જેમાં મહાકુંભની ઝાંખી છલકાતી હતી. મહાકુંભમાં જેમ અલગ અલગ અખાડા હોય તેમ સમાજમાં અલગ અલગ મંડળ હોય છે. જે સનાતન હિન્દુ ધર્મની જેમ સમાજને પણ અલગ અલગ રીતે સાચવતા હોય છે તેમાંનાં મુંબઈ સમાજના મંડળ એટલે કે ગુર્જર સુતાર યુવક મંડળ મુંબઈ જે સમાજના યુવા વર્ગને સમાજ સાથે જોડી રાખવાનું કાર્ય કરે છે.

અનોખી સખીઓ જે સમાજની બહેનો પગભર થવાની સાથે અવનવા કાર્યક્રમો યોજે છે. મહિલા સમિતિ જે બહેનોને પ્રવૃતિમય બનાવી રાખવા માટેનું આયોજન કરે છે. ક્રિકેટ ટીમ જે સમાજના સભ્યોને રમત ગમત ક્ષેત્રે જોડી રાખે છે. ભજન મંડળ જે સમાજના સભ્યોને સાંસ્કૃતિક ક્ષેત્રે જોડી રાખે છે. વિશ્વકર્મા દાદા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ જે સમાજના વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રમાં મદદ કરે છે.

આમ સમાજના તમામે તમામ મંડળો સાથે ઉપસ્થિત રહ્યા અને તેમને ટ્રસ્ટ કમિટીના સભ્યો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. સાથે સ્પોન્સર શ્રી ઉમિયા બોય અને પેન્ટાગોન ટેપના સભ્યોનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

સમાજને મહાકુંભ વિશેની સચોટ માહિતી આપવા માટે સમાજનું ભવિષ્ય એવા સમાજના યુવક અને યુવતીઓએ સરસ મજાનું સમાજને સંદેશ આપતું નાટક ભજવ્યું હતું. જે ખરેખર સરાહનીય હતું. સાથે સાથે ઉત્સવ કમિટીના સભ્યોનું પણ સન્માન ટ્રસ્ટ કમિટીના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ટ્રસ્ટ કમિટીના ખજાનચી શ્રી તુષારભાઈ વ્રજલાલ ધ્રાંગધરિયા દ્વારા આભાર વિધિ પ્રગટ કરવામાં આવી હતી. ત્યાર બાદ ડાયરાની રમઝટ બોલવામાં આવી હતી. જેમાં જીતુભાઈ ભાનુશાલી, આશાબેન પ્રજાપતિ, સંજયભાઈ થાનકી જેવા કલાકારો દ્વારા બાગને ગુંજતો કરી દેવામાં આવ્યો હતો. અને રાત્રિ ભોજન બાદ બધાજ ભક્તોએ રજા લીધી હતી.

# શ્રી વિશ્વકર્મા મંદિર ટ્રસ્ટ દેલવાડા આયોજીત સમુહ લગ્નોત્સવ 'વ્હાલી દીકરીની વિદાય'ની ભવ્ય ઉજવણી










શ્રી વિશ્વકર્મા મંદિર ટ્રસ્ટ દેલવાડા દ્વારા ઉનાના કોટેચા પાર્ટી પ્લોટ ખાતે બે દિ'નો સમુહલગ્નોત્સવ 'વ્હાલી દીકરીની વિદાય' ધામધુમથી શાસ્ત્રોકત પરંપરા મુજબ યોજવામાં આવ્યો હતો. બે દિ'નો લગ્નોત્સવ હોવાથી ગામ પરગામથી આવેલા પરિવારો નજીક આવ્યા હતા અને સામાજીક વિચારોનું આદાન પ્રદાન પણ થયુ હોવાને કારણે સમુહલગ્નોત્સવ નહીં પરંતુ પારિવારીક લગ્નોત્સવ હોય તેવું વાતાવરણ ઉભુ થયું હતું.

બે દિ'ના લગ્નોત્સવ અંતગર્ત પોતાના આંગણે હોય તે રીતે તા. ૨૨ના રોજ મંડપ મુહુર્ત બપોરે મામેરા, સાંજે પીઠી ચોળવાનો પ્રસંગ પૂર્ણ થયા બાદ રાત્રીના બંને પક્ષો તેમજ મહેમાનોએ સાથે મળી દાંડીયા રાસની રમઝટ માણી હતી. આ દિવસે બપોરે અને રાત્રી ભોજન ઉપરાંત ચા-નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

રવિવાર તા. ૨૩ના રોજ સવારે વાજતે ગાજતે જાનનું આગમન થયું હતું. સવારે ૧૧ કલાકે હસ્ત મેળાપ બાદ સવા અગિયાર વાગ્યે અભિવાદન કાર્યક્રમ થયો. બાદમાં ભોજન સમારંભ બાદ બપોરે ૩.૩૦ કલાકે જાનને ભાવભીની વિદાય પ્રસંગે સૌની આંખો ભાવથી ભીની થઇ હતી. વ્હાલી દીકરીની વિદાય પ્રસંગે ગુર્જર સુતાર જ્ઞાતિનું ગૌરવ એવા વેરાવળના વાલજીભાઇ જીવનભાઇ નાંદોરીયા (મુખ્યદાતા)એ પણ ઉપસ્થિત રહીને નવ દંપતિને આશીર્વાદ આપ્યા હતા. સાવરકુંડલાના સ્વ. કૈલાશબેન પ્રવીણભાઇ સોંડાગરની સ્મૃતિમાં આશીષભાઇ, રોહીતભાઇ અને રિંકલભાઇએ સોનાની બુટીનું અને મુંબઇના હરેશભાઇ મણીભાઇ વઢવાણા અને મહેશભાઇ મણીભાઇ વઢવાણાએ નવદંપતિઓને સોનાની ગણેશજીની મૂર્તિનું દાન આપ્યું હતું. આ ઉપરાંત કન્યાને કરીયાવરમાં ઘરની તમામ ઘરવખરી ચાંદીના દાગીના સહિતની ચીજવસ્તુઓ કરીયાવરમાં ભેટ અપાઇ હતી.

સમુહલગ્નોત્સવ પ્રસંગે યોજાયેલ અભિવાદન કાર્યક્રમમાં અ.ગુ. વિશ્વકર્મા સુથાર સંઘના અધ્યક્ષ યોગીનભાઇ છનીયારા, વાડજ યુથ ફોરમ અમદાવાદના પ્રમુખ શાંતિભાઇ ખોડદીયા, ગીતા મંદિરના પ્રમુખ ધર્મેન્દ્ર દેવળીયા, રાજકોટ પ્રગતિ મંડળના પ્રમુખ રમણીક પાટણવાડીયા, સાવરકુંડલાના સતીષ બકરાણીયા, વગેરેએ પ્રાસંગીક ઉદબોધનમાં 'વ્હાલી દીકરીની વિદાય'ના આયોજનને બિરદાવી કહયું હતું કે, વિશ્વકર્મા મંદિર ટ્રસ્ટ દેલવાડાએ બે દિ'નો લગ્નોત્સવ યોજીને જાણે પોતાના ઘેર જ શાસ્ત્રોકત વિધીથી લગ્ન થયા હોય તેવું અનેરૂ વાતાવરણ સર્જ્યુ છે. બે દિ'નો લગ્નોત્સવ હોવાથી ગામ પરગામથી આવેલા પરિવારજનો એક બીજાથી વધુ નજીક આવ્યા છે અને વ્યવહારિક વિચારોનું પણ આદાનપ્રદાન થયુ હોવાથી આયોજકોએ સમુહલગ્નોત્સવમાં નવી કેડી કંડારી છે.

આ પ્રસંગે યોગીનભાઇ છનિયારા ઉપરાંત, અમદાવાદના ધર્મેન્દ્રભાઇ છનિયારા, શાંતિભાઇ ખોડદીયા, રાજકોટ પ્રગતિ મંડળના અધ્યક્ષ અરવિંદભાઇ સોંડાગર, પ્રમુખ રમણીકભાઇ પાટણવાડીયા, મથુરભાઇ પાટણવાડીયા, ટ્રસ્ટી વિમલભાઇ બકરાણિયા, ગોપાલભાઇ ખંભાયતા, પ્રભાસ પાટણ-વેરાવળના પ્રમુખ શાંતિભાઇ ચાંપાનેરા, ઉપપ્રમુખ રાજુભાઇ ચાંપાનેરા, મંત્રી ધીરૂભાઇ નાંદોરીયા, દિનેશભાઇ ઉજૈનીયા, ભાવનગરના ધનજીભાઇ ઝીંઝુવાડીયા, કેશોદના જમનભાઇ સાપરા, રમણીકભાઇ, જુનાગઢના પ્રમુખ જગદીશભાઇ ઝાલેરા, સાવરકુંડલાના સતીષભાઇ બકરાણિયા, કિશોરભાઇ નાંદોરીયા, ધીરૂભાઇ કળસારા, જગદીશભાઇ સોંડાગર, અમરેલીના પ્રમુખ જીતુભાઇ સોંડાગર,





પ્રવીણભાઇ માંડવીયા અને ટ્રસ્ટીગણ, બગસરાના હરેશભાઇ માંડવીયા(પ્રમુખ), રાજુભાઇ માંડવીયા(મંત્રી), મહુવાના નરેશભાઇ સંચાણીયા, અરવિંદભાઇ સોંડાગર, વિનુભાઇ ઉજૈનીયા, તેમજ શિહોરના મંત્રી મનસુખભાઇ કનોજીયા, રાજકોટના જીએચપી ગ્રુપના હીરેન કલોલીયા, સંદિપ સાંકડેચા અને મનીષ વીસાવડીયા સહિતના અનેક મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા.

કાર્યક્રમનું સંચાલન ભાવનગરના ટ્રસ્ટી પ્રફુલભાઇ સોંડાગર અને મહુવાના ટ્રસ્ટી પ્રફુલભાઇ ગુજડીયાએ કર્યું હતું. આ પ્રસંગે ૨૭૦૦થી વધુ લોકોએ ભોજન પ્રસાદ લીધો હતો.

રાજેશભાઇ ભીખુભાઇ માંડવીયા, બાલકૃષ્ણભાઇ વઢવાણા, લલીતભાઇ ઝાલેરાએ સવારનો નાસ્તો, ચા-કોફી, શરબત અને દાંડીયારાસના નાસ્તા માટે અનુદાન આપ્યું હતું.

તા. ૨૨ના રોજ બપોરના ભોજનના દાતા સ્વ. ભારતીબેન પ્રવીણભાઇ મોડાસીયા(હ. પ્રવીણભાઇ મોડાસીયા - નરેશભાઇ મોડાસીયા), રાત્રી ભોજનના દાતા ચંદુભાઇ બચુભાઇ મોડાસીયા હતા. તા. ૨૩ના રોજ બપોરના ભોજનના દાતા સ્વ. કડવીબેન જીવનભાઇ નાંદોરીયા ચેરીટેબલ ટ્રસ્ટ-વેરાવળ(સોમનાથ) હતા. રાજકોટના વિશ્વકર્મા એન્જિ.વાળા હિતેશભાઇ રમેશભાઇ માંડવીયા દ્વારા બાળકો માટે ચિલ્ડ્રન સ્ટોર ઉભો કરાયો હતો.

મહુવાના શ્રીમનધર મ્યુઝીકલ ગ્રુપ મહુવા-દ્વારા સીંગર સોનલભાઇ ધારૈયાએ લગ્નગીતોની રમઝટ બોલાવી હતી.

વિશ્વકર્મા મંદિરના ટ્રસ્ટીઓ પ્રમુખ નરેશભાઇ મોડાસીયા, ઉપપ્રમુખ મહેશભાઇ વઢવાણા, મંત્રી પ્રવીણભાઇ મોડાસીયા, ખજાનચી યોગેશભાઇ વીસનગરા, સંયોજક દિનેશભાઇ પ્રાગજીભાઇ કરશાળા તેમજ કાર્યકરોની ટીમે આયોજન સફળ બનાવ્યું હતું.

# જામજોધપુરમાં વિશ્વકર્મા જયંતી મહોત્સવની ઉજવણી







આપણા ઇષ્ટદેવ શ્રી વિશ્વકર્મા દાદાની જામજોધપુર ખાતે તા. ૧૦-૦૨-૨૦૨૫ના સોમવારના દિવસે ૬૧મી જન્મજયંતી (પાટોત્સવ) જ્ઞાતિઓના સાથસહકારથી જ્ઞાતિની વાડીમાં આદરપુર્વક શાનદાર રીતે ઉત્સવ ઉજવવામાં આવેલ.

આગલા દિવસે (તા. ૦૯-૦૨-૨૦૨૫)ના દાદાની મૂર્તિ, ગણેશજી અને હનુમાનજીની મુર્તિને, મંદિરને શુદ્ધ ગંગાજળ પાણીથી સફાઇ કરી પવિત્ર કરવામાં આવેલ, ત્યારબાદ લાઇટીંગ, ડેકોરેશન, શણગાર કરી, પુજન અર્ચન માટેની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી. સુંદરમજાની રંગોળી પુરવામાં આવી. ઉપરોકત કાર્યપૂર્ણ કરી. ચા-પાણી, નાસ્તાની વ્યવસ્થા કરેલ.

દિવાળીના (નવેમ્બર માસ)ના પહેલા સમયે વિશ્વકર્મા દાદાની મુર્તિ પ્રાણ પ્રતિષ્ઠીત છે. તેમની બાજુમાં શ્રી વિશ્વકર્મા દાદાના પાંચ પુત્રની મુર્તિ-દાતાશ્રી અરૂણભાઇ લાલજીભાઇ વડગામા (જામજોધપુર) તરફથી ભેટ મળેલ હતી તેમને દાદાની બાજુમાં બેસાડવામાં આવેલ. તેમનું પ્રાણ પ્રતિષ્ઠા માટે મહાસુદ તેરસ તા. ૧૦-૦૨-૨૫ના દિવસે હવન રાખવામાં આવેલ.

હવન યજ્ઞમાં વડગામા પરિવાર તરફથી યજમાન બેસેલ હવનનું બીડુ બપોરના ૧૧.૩૦ કલાકે હોમ્યા બાદ-મહાપ્રસાદ થાળ ધરવામાં આવેલ. ત્યારબાદ સમુહઆરતીનો સૌએ લાભ લીધો. દાદાના આશીર્વાદ લીધા. ઉપરોકત કાર્યક્રમ પ્રસિદ્ધ કર્મકાંડી બ્રાહ્મણ પંડિત મારફત મંત્રોચ્ચાર સાથે કરવામાં આવેલ. આ દરમ્યાન દાતાઓનું તથા સિનીયર સીટીજનનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું. ત્યારબાદ આભારવિધિ પૂર્ણ કરી જ્ઞાતિ ભાઇઓ-બહેનો સર્વે દાદાની મહાપ્રસાદ (ભોજન) લઇ આશીર્વાદ લીધા. આ રીતે હર્ષોઉલ્લાસથી કાર્ય પૂર્ણ કરેલ.

**(અહેવાલ : હેમંતભાઇ એન. પેશાવરીયા)**

# જામનગરમાં વિશ્વકર્મા જયંતીની ઉજવણીની સાથે સમાજના જ્ઞાતિ રત્નોનું સન્માન











શ્રી જામનગર ગુર્જર સુતાર જ્ઞાતિ-જામનગર દ્વારા વિશ્વકર્મા જયંતીની ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી. મણીભાઇ વડગામાના અધ્યક્ષપદે યોજાયેલા આ ઉત્સવ અંતર્ગત મંદિરે સવારે મંગળા આરતી, અને ૭ કલાકે હવન થયો હતો. લક્ષ્મીનારાયણ મંદિરે પણ સવારે હવન યોજવામાં આવ્યો હતો.આ ઉત્સવ પ્રસંગે રાજકોટના રવિ ટેકનોફોર્જના ચેરમેન અમુભાઇ ભારદીયાએ ખાસ હાજરી આપી. પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.

વિશ્વકર્મા જયંતી મહોત્સવ પ્રસંગે સમાજમાં વિવિધ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર ૧૯ જેટલા મહાનુભાવોનું જ્ઞાતિના આગેવાનો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં દાતાશ્રીઓ અનસુયાબેન કે. કનોજીયા, ભરતભાઇ એમ. ભારદીયા, એડવોકેટ દિપકભાઇ ડી. ભાલારા, ધુનમંડળના ભુપેન્દ્રભાઇ ટી. વીશરોલીયા, પ્રફુલભાઇ કે. સુરેલીયા, મહિલા મંડળના મંત્રી મિતલબેન આમરણીયા, મહિલા મંડળના સહમંત્રી નિલાબેન આર. ગોરેચા, મહિલા મંડળના જયોત્સનાબેન પીસાવડીયા, નાયબ મામલતદાર કિરણબેન અનુવાડીયા, મહિલા મંડળના નીતાબેન વડગામા, નીતાબેન વીસાવડીયા, મહેશભાઇ વી. બકરાણીયા, નિઃશુલ્ક ટીફીન સેવા આપનાર વિજયભાઇ સુરેલીયા, લંડનના દિનેશભાઇ એન. પીસાવડીયા, રૂપલબેન કિરણબેન વિસાવડીયા, ડો. ધવલભાઇ તલસાણિયા, ડો. એકતાબેન ડી. તલસાણિયા, ડો. જીતેશભાઇ વડગામા, બ્રોન્ઝ મેડાલીસ્ટ આકાશ રીપલભાઇ વડગામાનો સમાવેશ થાય છે.

પ્રમુખ રમણીકભાઇ ઘોરેચા, ટ્રસ્ટી દયાળજીભાઇ ભારદીયા, અશોકભાઇ આમરણીયા, કાર્યવાહક સમિતિના પ્રમુખ ભરતભાઇ વડગામા, ઉપપ્રમુખ નિલેશભાઇ ખારેચા, મંત્રી ડો. હિમાંશુ બામરોલીયા, સહમંત્રી રાજેશભાઇ ભારદીયા, ખજાનચી નીલેશભાઇ ઇસલાણીયા તેમજ સભ્યો, યુવક મંડળના પ્રમુખ વિમલભાઇ ગોરેચા અને હોદ્દેદારો, મહિલા મંડળના પ્રમુખ દેવીબેન બકરાણીયા અને હોદ્દેદારો સર્વિસ ગ્રુપના નિલેશભાઇ વડગામા અને અન્ય હોદ્દેદારોએ આયોજન સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે ૪૫૦૦ લોકોએ બપોરનો ભોજન પ્રસાદ લીધો હતો.

### બોટાદમાં સ્વ. દેવેન્દ્રકુમાર ગાંડાલાલ અંબાસણા પ્રેરિત

# વિશ્વકર્મા બાગ

### શ્રી રવિકુમાર ભારદીયાની સ્મૃતિમાં

# રવિકુમાર ભારદિયા ભવન સમાજને અર્પણ

પ્રવીણ ગજજર

બોટાદમાં આવેલ શ્રી સમસ્ત સુથાર સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા બોટાદના બોટાદ-તરઘરા રોડ પર ૬૦૦૦ ચો.વાર જમીન પર નિર્માણ પામેલ દેશના સૌથી અદ્યતન અને વિશાળ એવા વિશ્વકર્મા બાગમાં તા. ૦૧-૦૨-૨૦૨૫ થી તા. ૦૩-૦૨-૨૫ દરમ્યાન વિશ્વકર્મા પ્રભુજી સહિત ત્રિમંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અને સ્વ. દેવેન્દ્રભાઇ ગાંડાલાલ અંબાસણા પ્રેરિત વિશ્વકર્મા બાગ અને રવિકુમાર ભારદિયાની સ્મૃતિમાં રવિકુમાર ભારદીયા ફાઉન્ડેશનના સ્મૃતિમાં રવિકુમાર ભારદીયા ફાઉન્ડેશનના મુખ્ય અનુદાનથી તૈયાર થયેલ રવિકુમાર ભારદીયા ભવનનો ઉદઘાટન સમારોહ અને દાતા સન્માન

**સ્વ. દેવેન્દ્રકુમાર ગાંડાલાલ અંબાસણાએ દાનમાં આપેલ જમીન પર અદ્યતન નિર્માણ**

**સમાજનું ગૌરવ**



સમારંભ ભારે ધામધુમથી ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે વિવિધ સંતો અને ગુજરાતભરના શહેરોમાંથી સમાજના આગેવાનો ઉપસ્થિત રહયા હતા.



તા. ૦૨-૦૨-૨૫ના રોજ વિશ્વકર્મા બાગના ઉદઘાટનના દિવસે વિશ્વકર્મા બાગના મુખ્ય દરવાજાએ મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. વિશ્વકર્મા બાગની જમીનના દાતા સ્વ. દેવેન્દ્રભાઇ ગાંડાલાલ અંબાસણાના પરિવારના મહેન્દ્રભાઇ તેમજ રવિકુમાર ભારદીયા હોલના દાતા શ્રી અમુભાઇ ભારદીયા, જગુભાઇ ભારદીયા, રાજુભાઇ ભારદીયા, શાંતિભાઇ ભારદીયા સહિતના ભારદીયા પરિવાર અને મહેમાનોને કુમકુમ તિલક કરીને આવકાર્યા હતા. બાદમાં જમીનના દાતા પરિવારના શ્રી મહેન્દ્રભાઇના હસ્તે મુખ્ય દરવાજાએ રિબીન કાપી વિશ્વકર્મા બાગનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મુખ્ય દરવાજાથી મહેમાનો વાજતે ગાજતે હોલ સુધી આવ્યા હતા. નીચેના રવિકુમાર ભારદીયા હોલનું ઉદઘાટન રવિ ટેકનોફોર્જના ચેરમેન અમુભાઇ ભારદીયાના હસ્તે કરવામાં આવ્યું. જયારે ઉપરના હોલનું ઉદઘાટન શ્રી જગુભાઇ ભારદીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ મંગલ અવસરે રાજુભાઇ ભારદીયા, શાંતિભાઇ ભારદીયા, રંજનબેન અમુભાઇ ભારદીયા, હર્ષાબેન જગુભાઇ ભારદીયા, અનીતાબેન શાંતિભાઇ, કુંજનબેન રાજુભાઇ ભારદીયા, રંજનબેન પંચાસરા, સરીતાબેન ત્રાટીયા, ચંદ્રીકાબેન વાલંભીયા, બોટાદના પ્રમુખ દિનેશભાઇ દુદકીયા તેમજ












# શ્રી રવિકુમાર ફાઉન્ડેશનના રૂા. ૫૧ લાખના અનુદાનથી શ્રી રવિકુમાર ભારદીયા સાઉન્ડ પ્રુફ એ.સી. હોલ

બહારગામથી આવેલા સમાજના હોદ્દેદારો આગેવાનો વગેરે ઉપસ્થિત રહયા હતા.

બપોરે ૧૮૦૦ જેટલા લોકોએ બપોરનું ભોજન લીધા બાદ વિશ્વકર્મા બાગના પટાંગણમાં દાતાઓનો સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સ્ટેજ પર પાળીયાદના પ.પૂ. શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર નિર્મળાબા, જમીનના દાતા પરિવારના મહેન્દ્રભાઇ અંબાસણા, કિરણબેન અંબાસણા, શ્રી અમુભાઇ ભારદીયા, જગુભાઇ ભારદીયા, શાંતિભાઇ ભારદીયા, શ્રી રાજુભાઇ ભારદીયા તથા ભારદીયા પરિવારના પરિવારજનો, ઉપરાંત હિતેશભાઇ ગોરેચા, ચેતનભાઇ ગોરેચા, અમદાવાદ વેજલપુરના સંસ્થાના પ્રમુખ રમેશભાઇ તલસાણિયા, જયસુખભાઇ ઉછડીયા, મગનભાઇ બોરાણીયા, બોટાદના પ્રમુખ ધર્મેન્દ્રભાઇ વડગામા, જામનગરના પ્રમુખ રમણીકભાઇ ગોરેચા, ટ્રસ્ટી દિલીપભાઇ ભારદીયા, જુનાગઢના પ્રમુખ રાજુભાઇ મિસ્ત્રી, અમરેલીના પ્રમુખ અરૂણભાઇ આદ્રેજા ભારદીયા પરિવારના સદસ્યો, વિવિધ સમાજોના પ્રમુખો વગેરે બિરાજમાન થયા હતા.



કાર્યક્રમનો પ્રારંભ પૂ. નિર્મળાબાના હસ્તે દીપ પ્રાગટયથી થયો હતો. શ્રી અમુભાઇ ભારદીયા, મહેન્દ્રભાઇ અંબાસણા, દિનેશભાઇ દુદકીયા, અમૃતભાઇ સંચાણીયા, હિરેનભાઇ દુદકીયા અને ઉપસ્થિત મહાનુભાવોએ દીપ પ્રાગટયમાં સહયોગ આપ્યો હતો. દીપ પ્રાગટય બાદ સ્ટેજ પર બીરાજમાન સૌનુ સ્વાગત કરવામાં આવ્યું હતું.

દીપ પ્રાગટય બાદ પ્રમુખ દિનેશભાઇ દુદકીયાએ સ્વાગત પ્રવચનમાં બોટાદને આંગણે આવો ભવ્ય કાર્યક્રમ પ્રથમવાર જ યોજાઇ રહયો હોવાનું જણાવી આ પ્રસંગે ઉપસ્થિત તમામ મહાનુભાવોને ઉપસ્થિત રહેવા બદલ આનંદ અને હર્ષની લાગણી વ્યકત કરી હતી. બોટાદને આંગણે દેશનું પ્રથમ ગૌરવ લઇ શકાય તેવું વિશ્વકર્મા બાગનું નિર્માણ કરવામાં સહયોગ આપનાર પ્રત્યે વિવિધ શહેરના નાના-મોટા તમામ








દાતાઓ પ્રત્યે તેઓએ આભારની લાગણી વ્યકત કરવાની સાથોસાથ પ્રથમ જ આયોજન હોઇ કોઇ ક્ષતિઓ રહી ગઇ હોય તો ક્ષમા કરવાની પણ અપીલ કરી હતી. શ્રી દિનેશભાઇ દુકદીયાએ વિશ્વકર્મા બાગના નિર્માણની શરૂઆતથી અત્યાર સુધીની ઘટનાનો ચિતાર આપી કહયું કે, શ્રી અમુભાઇ ભારદીયા અને તેના પરિવારની પ્રેરણા અને તેઓએ આપેલ હિંમત અને તેઓના મુખ્ય આર્થિક સહયોગથી જ વિશ્વકર્મા બાગનું નિર્માણ શકય બન્યું છે. સમાજના ગામ પરગામના દાતાઓએ અનુદાન આપી અમને પ્રોત્સાહીત કર્યા છે. શ્રી જગુભાઇ ભારદીયાએ પણ નિર્માણ દરમ્યાન અવારનવાર બોટાદ આવી પ્રેરણાત્મક માર્ગદર્શન પુરૂ પાડયું છે.



આ પ્રસંગે આર્શીવચન આપતા પૂ. નિર્મળાબાએ શ્રી વિશ્વકર્મા પ્રભુજીના વારસદાર હોવાનું સર્વએ ગર્વ અનુભવવું જોઇએ તેમ જણાવી તેઓએ બોટાદને આંગણે આવુ સુંદર નિર્માણ કરવા બદલ બોટાદ સમાજને અભિનંદન આપ્યા હતા.

આ પ્રસંગે જામનગરના દિલીપ ભારદીયાએ શ્રી અમુભાઇ ભારદીયા અને પરિવાર દ્વારા વિવિધ ક્ષેત્રે અપાતા અનુદાનની વિગતો રજુ કરી અને બોટાદને આંગણે વિશ્વકર્મા બાગનું પ્રેરણાદાયી નિર્માણ કરવા બદલ બોટાદ સમાજને અભિનંદન આપ્યા હતા.

મુખ્ય દાતા શ્રી અમુભાઇ ભારદીયાએ આ પ્રસંગે દેશભરના સમાજોમાં ગૌરવરૂપ નિર્માણ કરવા બદલ બોટાદ સમાજને અભિનંદન આપી કહયું કે, સાળંગપુર હનુમાનજીએ દુનિયાભરના લોકો આવે છે. ત્યારે તેઓને પણ વિશ્વકર્માધામમાં વિશ્વકર્મા પ્રભુજીના દર્શને આવવાનું મન થશે.

તેમણે કહયું કે, ભારદીયા પરિવાર તો અનુદાન આપી ખરા અર્થમાં વિકાસના બીજ વાવીએ છીએ. સમાજમાં વિખવાદ ન રહે અને સૌ સમાજ શાંતિથી કામ કરે તેવી અમારી ભાવના છે. સમાજો દ્વારા થતા સમુહલગ્નની પ્રવૃતિને તેઓએ બિરદાવી એકતાથી કામ કરવા જણાવ્યું હતું.

તેમણે કહયુ, અમારી ક્ષમતા મુજબ યોગદાન આપીએ





# જમીનના દાતા મહેન્દ્રભાઇ અને મુખ્ય દાતા શ્રી અમુભાઇ ભારદીયા, જગુભાઇ ભારદીયા અને દાતા પરિવારનું સન્માન





છીએ. આપણા સમાજ જ નહીં અન્ય સમાજને પણ અનુદાન આપતા રહીશુ તેમ જણાવી હવે ગ્રામ્ય વિસ્તારની શાળાઓના નવીનીકરણ બાબતે વધારે ધ્યાન આપવાનું લક્ષ્ય હોવાનું જણાવ્યું હતું અને આ દિશામાં કામ શરૂ કરી દીધું હોવાનું પણ જણાવ્યું હતું.

જમીનના દાતા સ્વ. દેવેન્દ્રભાઇ અંબાસણા પરિવારના મહેન્દ્રભાઇની સેવા ભાવનાને બિરદાવી તેઓએ તેમને સાચા દાતા અને વંદનીય ગણાવ્યા હતા.



આ પ્રસંગે બોટાદના ડો. લલીતભાઇ બદ્રકીયાએ પણ પ્રાસંગીક ઉદબોધન કર્યું હતું.

પ્રાસંગીક ઉદબોધન બાદ દાતાઓનું શીલ્ડ તેમજ શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. મહેન્દ્રભાઇ અંબાસણાનું સન્માન શ્રી અમુભાઇ ભારદીયાએ કર્યું હતું. શ્રી અમુભાઇ ભારદીયા, જગુભાઇ ભારદીયા, શાંતિભાઇ ભારદીયા, રાજુભાઇ ભારદીયા અને પરિવારજનોને પ્રમુખ દિનેશભાઇ દુદકીયા સહિતના હોદેદારોએ કર્યું હતું. આ ઉપરાંત મંદિરના દાતા મનીષભાઇ, ભાવેશભાઇ, અલ્પેશભાઇ ગોરેચા અને ચેતનભાઇ અને હિતેષભાઇ જેમણે મંદિરના બાંધકામ માટે પુરી જહેમત ઉઠાવી હતી. તેમનું પણ સન્માન કરાયું હતું. તમામ દાતાઓનું શિલ્ડ અને શાલ ઓઢાડી સન્માન કરાયું હતું. જેમાં મનિષભાઇ, ભાવેશભાઇ, અલ્પેશભાઇ ગોરેચા, ચેતનભાઇ હિતેષભાઇ ગોરેચા, હિંમતભાઇ, દિનેશભાઇ દુદકીયા, ડો. લલીતભાઇ બદ્રકીયા, શ્રી રમેશભાઇ વડગામા, ઘનશ્યામભાઇ વણોદીયા, રંજનબેન સુંદરલાલ કલોલીયા, હેમાબેન મેહુલભાઇ વડગામા, કિર્તીબેન વિજયભાઇ જોલાપરા, જૈમીનકુમાર ડાયાભાઇ સંચાણીયા, હસમુખભાઇ નરોતમભાઇ પનારા, સંજયભાઇ સુર્યકાંતભાઇ સિદ્ધપુરા, હિતેશભાઇ વડગામા અજયભાઇ વડગામા, ઘનશ્યામભાઇ અને હીરાબેન દુદકીયા, જતીનકુમાર અમૃતલાલ સંચાણીયા,









જગદીશભાઇ વીરજીભાઇ પંચાસરા, ચંદુભાઇ નાનુભાઇ દુદકીયા, મનીષભાઇ બાલકૃષ્ણાઇ દુદકીયા, ઉમેશભાઇ વડગામા, રમેશભાઇ અંબારામભાઇ તલસાણિયા, લંડનના સુરેશભાઇ શાંતિલાલ વડગામા સહિતના કુલ ૧૧૭ દાતાઓનું ટ્રસ્ટીઓ, હોદ્દેદારો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.



સમગ્ર આયોજન સફળ બનાવવા અધ્યક્ષ દિનેશભાઇ દુદકીયા, પ્રમુખ ધર્મેન્દ્રભાઇ વડગામા, ઉપપ્રમુખ હિતેશભાઇ ગોરેચા, મંત્રી જીતેન્દ્રભાઇ દુદકીયા, સહમંત્રી ભાવેશભાઇ દુદકીયા, ખજાનચી અમૃતભાઇ સંચાણીયા, સભ્યો મનીષભાઇ ગોરેચા, ચેતનભાઇ ગોરેચા, વિનોદભાઇ વડગામા, હિરેનભાઇ દુદકીયા, ચીન્મયભાઇ દુદકીયા, પરેશભાઇ ગોરેચા વગેરેએ જહેમત ઉઠાવી હતી. ઇજનેરી સેવા પ્રશાંતભાઇ દુકદીયા અને આનંદભાઇ ગોરેચાએ આપી હતી.

આ પ્રસંગે બોટાદના હોદ્દેદારોનું અને શ્રી અમુભાઇ ભારદીયા અને પરિવારનું વિવિધ શહેરના પ્રમુખો દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનું સંચાલન રાજકોટના શ્રી નટવર આહલપરા અને નટુભાઇ ભારદીયાએ કર્યું હતું.



# વિશ્વકર્મા બાગમાં વિશ્વકર્મા પ્રભુજી, માં ચામુંડા અને રાંદલ માતાના મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા





## મંદિરો માટે સ્વ. દામોદરદાસ ગોરેચા, સ્વ. જગજીવનદાસ ગોરચા, સ્વ. શાંતાબેન ગોરેચાનું અનુદાન

વિશ્વકર્મા બાગમાં વિશ્વકર્મા પ્રભુજી, ચામુંડા માતાજી અને રાંદલ માતાજીના મંદિરમાં ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો.

મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવનો પ્રારંભ તા. ૧ના રોજ થયા. આ દિવસે મંદિરના સાંનિધ્યમાં પ્રાયશ્ચિત વિધિ, પંચાગ કર્મ, મંડપ પ્રવેશ, દરેક સ્થાપિત દેવતાનું પુજન, કુટીર કર્મ, સાયંપુજન, આરતી, થાળ અને પ્રસાદ ઘટવા સહિતના પાવનકારી પ્રસંગો ઉજવાયા. બીજા દિવસે તા. ૨ના રોજ દરેક દેવોનું પ્રાતઃ પુજન, જળયાત્રા અને ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. ત્યારબાદ સ્વપ્ન વિધિ, જલાધિવાસ, ધૃતાધિવાસ, ધાન્યાધીવાસ, કુલાધિવાસ, ન્યાસવિધિ, સાયંવિધી, નિદ્રા દેવીનું આહવાન અને પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું હતું. ત્રીજા દિવસે દરેક દેવોનું પ્રાતઃ પુજન, મંદિરમાં વાસ્તુપુજન, દિક્ષુસહોમ, નિજ મંદિરમાં મૂર્તિ પ્રવેશ, ઉત્તર પ્રવેશ, મુર્તિ પ્રતિષ્ઠા વિધિ, શાંતિ પોષ્ટીક હોમ અને વ્યાહુતિ હોમ સાથે પૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

નિષ્ણાંત બ્રાહ્મણો દ્વારા આ પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. પ્રાણ પ્રતિષ્ઠામાં યજમાનો તરીકે વિશ્વકર્મા પ્રભુજી મંદિરના ૧૫ લાખના બોટાદના દાતા સ્વ. દામોદરદાસ પીત-મ્બરભાઇ ગોરેચા પરિવારના મનીષભાઇ, ભાવેશભાઇ અને અલ્પેશભાઇ, ચામુંડા અને રાંદલ માતાજી મંદિરના બોટાદના ૧૧,૨૬,૧૧૧ના દાતા સ્વ.જગજીવન પીતામ્બરભાઇ ગોરેચા પરિવારના ચેતનભાઇ અને હિતેષભાઇ, વિશ્વકર્મા પ્રભુજીની મૂર્તિના ૨,૫૧,૦૦૦ના દાતા જૈમીનભાઇ ડાયાભાઇ સંચાણીયા, ચામુંડા માતાજીની મૂર્તિના







# મહંતોની ઉપસ્થિતિમાં ૩ દિ'નો મુર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

રૂા ૨.૫૧ લાખના દાતા હિતેશભાઇ કિરણભાઇ વડગામા, રાંદલ માતાજીની મુર્તિના ૧.૫૧ લાખના બોટાદના દાતા સુર્યકાંત નાથાલાલ વડગામા, હનુમાનજીની મૂર્તિના રૂા. ૨૧,૧૧૧ રૂા.ના બોટાદના દાતા જતીનકુમાર અમૃતલાલ સંચાણીયા, ગણપતિની મૂર્તિના બોટાદના ૧,૧૧,૧૧૧ના દાતા વિનોદભાઇ ચતુરભાઇ વડગામા, ચામુંડા માતાજી અને વિશ્વકર્મા જયંતીના કળશના દાતા અમૃતભાઇ તથા ડોલરભાઇ જાદવાણી, રાંદલ માતાજીના કળશના દાતા ધીરૂભાઇ વનમાળીભાઇ ગોરેચા, વિશ્વકર્મા મંદિરના કુંડના અમદાવાદના દાતા ભાવીનભાઇ મનહરભાઇ વડગામા, ચામુંડા માતાજી મંદિરના દંડના બોટાદના દાતા ગં.સ્વ. ઇંદુબેન નિરંજનભાઇ ગોરેચા, રાંદલ માતાજી મંદિરના દંડના દાતા ગં.સ્વ. જયાબેન જગદીશભાઇ ગોરેચા, ત્રણેય મંદિરના સિંહાસનના દાતા ઉમરડાના જગદીશભાઇ વીરજીભાઇ પંચાસરા, ત્રણ દિશાના દેવના દાતા વડોદરાના સ્વ. હિનાબેન પંકજભાઇ જમનાપરા, મંદિરના દરવાજાના દાતા, ઉમરડાના શ્રી જગદીશભાઇ વીરજીભાઇ પંચાસરા સહિતના દાતાઓ દંપત્તિરૂપે પુજામાં બેઠા હતા.

પ્રાણ પ્રતિષ્ઠા સમયે વડોદરાના બ્રહ્માચારીણી શ્રી હેમસ્વરૂપજીએ પણ પુજન અર્ચન કર્યું હતું.



# રાજકોટ ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા વિશ્વકર્મા જયંતી મહોત્સવની અનેરી ઉજવણી








શ્રી વિશ્વકર્મા પ્રભુજીનો પ્રાગટ્ય દિવસ એટલે કે મહાસુદ તેરસનો પવિત્ર દિવસ એટલે કે વિશ્વકમાં જયંતિ'. શ્રી વિશ્વકર્મા પ્રભુજીના મંદિરે દર વર્ષની જેમ આ વર્ષે પણ ભવ્ય અને દિવ્ય રીતે શ્રી વિશ્વકમાં જયંતિની ઉજવણી કરવામાં આવી. સવારે ૬ વાગે ધ્વજા રોહણ, ૬.૩૦ વાગે મંગળા આરતી અને બપોરે ૧૨.૧૫ વાગે રાજભોગ આરતી કરવામાં આવી જેમાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ શ્રદ્ધા પૂર્વક ઉત્સાહ પૂર્વક જોડાઈ ધર્મ લાભ લીધો હતો. રાત્રીના મોડે સુધી દર્શનાર્થીઓનો ખુબ જ ધસારો મંદિરે રહ્યો હતો. આપણે જાણીએ છીએ કે કળા, કારીગરી અને કૌશલ્યમા માહિર એવા વિશ્વકર્માના સંતાનો વિશ્વભરમાં પોતાની પ્રતિભા ધરાવે છે.

ભગવાન શ્રી વિશ્વકમાં જયંતિ મહોત્સવની ઉજવણી માટે રેસકોર્સ મેદાનમાં શ્રી વિશ્વકર્મા ધામ ઉભું કરવામાં આવેલ. શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ રાજકોટ દ્વારા ભગવાન શ્રી વિશ્વકર્મા જયંતિ મહોત્સવની પૂર્વ સંધ્યાએ તા.૦૯-૦૨-૨૦૨૫ રવિવારના રોજ સાંજે ૭ થી ૧૧ કલાક સુધી શ્રી વિશ્વકર્મા ગૌરવ ગાથા સાથે મા ભગવતી શ્રી રાંદલ ચરિત્ર નામનો સાંસ્કૃતિક કાર્યક્રમ યાજોઈ ગયેલ. મુખ્ય મહેમાન વિજયભાઈ ધ્રાંગધરિયા તેમજ અન્ય મહેમાનોના વરદ હસ્તે દીપ પ્રાગટપ કરવામાં આવેલ. દિનેશ ગજજર, જયંત ગજજર અને રાકેશ કડિયા દ્વારા રજુ કરવામાં આવ્યું હતું. શ્રી વિશ્વકર્માં જયંતિના પાવન દિવસે ભવ્યાતિભવ્ય શોભાયાત્રા બપોરે ૨.૦૦ કલાકે શ્રી ધારેશ્વર મહાદેવ મંદિરથી કાન્તા સ્ત્રી વિકાસ ગૃહ ચોક થઈને બોમ્બે હોટેલ, ત્યાંથી ગોંડલ રોડથી માલવિયા પેટ્રોલ પંપથી યાજ્ઞિક રોડ, બહુમાળી ભવનથી શ્રી વિશ્વકર્મા ધામ, રેસકોર્સ મેદાન, એરપોર્ટ ગેઈટ થઈને સમગ્ર શહેરમાં નગરચર્યા કરી સાંજે ૬.૦૦ કલાકે ''શ્રી વિશ્વકર્માધામ'' રેસકોર્સ મેદાનમાં આવી હતી ત્યારે શ્રી વિશ્વકર્માધામ ખાતે અલૌકિક દીપમાળાથી ભગવાન શ્રી વિશ્વકર્માદાદાની મહાઆરતી કરવામાં આવેલ. જેમાં ડાયસ પર ઉપસ્થિત મહેમાનો ઉપરાંત ઉપસ્થિત સૌ જ્ઞાતિજનો જોડાયા હતા. શ્રી વિશ્વકર્મા ધામ ખાતે ૧૬ દીકરીઓના ભવ્ય સમૂહ લગ્ન બપોરે ૨ વાગ્યાથી શરૂ થયેલ. આમંત્રિત મહેમાનોમાં વિજયભાઈ પ્રભુદાસભાઈ ધ્રાંગધરિયા, જીતેનભાઈ વિજયભાઈ ધ્રાંગધરિયા, જયકુમાર મનોહરભાઈ તલસાણીયા, હિતેશભાઈ મનોહરભાઈ તલસાણીયા વિગેરે મહેમાનો આ લગ્ન માણી સમિતિને અભિનંદન આપ્યા હતા. સમૂહલગ્નમાં આશીર્વચન પાઠવવા સ્વામી પરમાત્માનંદ સરસ્વતીજી તથા શાસ્ત્રી કૌશિકભાઈ અનંતરાય ત્રિવેદી ખાસ ઉપસ્થિત રહેલ. તેઓએ જ્ઞાતિના વિકાસ કાર્યોને બિરદાવ્યા હતા અને વરકન્યાને આશીર્વચન આપ્યા હતા.

શ્રી વિશ્વકમાં જયંતિના પાવન દિવસે મહાક્ત દાન શિબિર વિશ્વકર્મા મંદિર ઉપરાંત શ્રી વિશ્વકર્મા ધામ, રેસકોર્સ મેદાન રાજકોટ ખાતે પણ બપોરે ૨ થી ૯ કલાકે રાખવામાં આવેલ. આ મહારક્તદાન શિબિરમાં ૫૦૪ બોટલ રક્ત એકત્ર કરવામાં આવેલ. રક્તદાન કેમ્પનું આયોજન મુકેશભાઇ પંચાસરાના નેતૃત્વમાં પંચાસરા પરિવારના યુવાનોએ સંભાળ્યું હતું. ડો. ઋષીકેશ કથ્રેચાએ પણ રક્તદાન કર્યું હતું.

**સાંસ્કૃતિક કાર્યક્રમ 'વિશ્વકર્મા ગૌરવ ગાથા' સાથે ભગવતી રાંદલ ચરિત્ર, શોભાયાત્રા, દાતાઓનું સન્માન, મહાપ્રસાદ સહિતના કાર્યક્રમો યોજાયા; ૧૬ દીકરીઓએ પ્રભુતામાં પગલાં માંડ્યાઃ મહારક્તદાન કેમ્પમાં ૫૦૪ બોટલો રકત એકત્ર કરાયું**

# જામખંભાળીયામાં વિશ્વકર્મા જયંતી મહોત્સવની સાથે 30મો વિદ્યાર્થી સન્માન સમારોહ ઉજવાયો

## રાજકોટના શ્રી અમુભાઇ ભારદીયાની ખાસ ઉપસ્થિતિમાં દાતાઓનું સન્માન









શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ જામખંભાળીયા દ્વારા શ્રી વિશ્વકર્મા જયંતી મહોત્સવની ખુબ જ ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. સાથે 30માં વિદ્યાર્થી સન્માનસમારોહ પણ યોજવામાં આવેલ હતો.

કાર્યકરો દ્વારા જ્ઞાતિના સંકુલ તથા દાદાના મંદિરનો ખુબ જ સુંદર રીતે સુશોભિત કરવામાં આવ્યા હતા.

વહેલી સવારે શ્રી વિશ્વકર્મા દાદાની મંગળા આરતી કરવામાં આવી હતી. ત્યારબાદ પાટોત્સવ હવન, નુતન ધ્વજારોહણ, દાતાશ્રીઓનું સન્માન કાર્યક્રમ તથા સમુહભોજન (મહાપ્રસાદ) વિદ્યાર્થી સન્માન સમારોહ, સંધ્યા મહાઆરતી, સંધ્યા સમુહભોજન તેમજ મોડીરાત્રે સુધી સાંસ્કૃતિક કાર્યક્રમ જેવા અનેકવિધ કાર્યક્રમો યોજાયા હતા.

શ્રી વિશ્વકર્મા જયંતી મહોત્સવમાં દાતાશ્રીઓમાં દાદાના વાઘા ધ્વજારોહણ,





પાટોત્સવ, હવન તથા બપોરના મહાપ્રસાદના દાતાશ્રી મનસુખભાઇ ઓધવજીભાઇ સુરેલીયા પરિવાર હતા. (મુ. ભાણખોખરી) હાલ જાંભાખળીયા.

વિદ્યાર્થી સન્માન સમારોહના દાતાશ્રી ઓધવજીભાઇ જગજીવનભાઇ ભારદીયા પરિવાર હતા. મુ. કૃસ્થળ (હાલ યુ.કે.).

સંધ્યા સમુહ ભોજનના દાતાશ્રી પ્રકાશભાઇ લવજીભાઇ સંચાણીયા પરિવાર હતા. મુ. સોનારડી (હાલ યુ.કે.)

આ દાતાશ્રીઓનું જ્ઞાતિ દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ સન્માન સમારોહમાં દાતાશ્રી મનસુખભાઇ ઓધવજીભાઇ સુરેલીયાનું શાલ, પુષ્પગુચ્છ, સન્માનપત્ર અને સ્મૃતિભેટ ઠાકરશીભાઇ વડગામા તથા હેમંતભાઇ મેસવાણીયાએ સન્માનીત કર્યા હતા.

દાતાશ્રી પ્રકાશભાઇ લવજીભાઇ સંચાણીયાને શાલ, પુષ્પગુચ્છ, સન્માપત્ર તથા સ્મૃતિભેટથી પ્રમુખ શ્રી મુકેશભાઇ







સુરેલીયા તથા મંત્રીશ્રી જયેશભાઇ સુરેલીયાએ સન્માનીત કર્યા હતા.

તેમજ કન્યારૂમમાં એ.સી.નું દાન અર્પણ કર્તા સ્વ. કેશવજીભાઇ લખમણભાઇ સંચાણીયા તથા સ્વ. મંગળાબેન કેશવજીભાઇ સંચાણીયા વતી કૌશિકભાઇ સંચાણીયાને પ્રફુલભાઇ પનારાએ સન્માનીત કર્યા હતા.



સમુહ ભોજન બાદ યોજાયેલ વિદ્યાર્થી સન્માન સમારોહના દાતાશ્રી ઓધવજીભાઇ જગજીવનભાઇ ભારદીયા હતા. તેમના વતી આ કાર્યક્રમમાં ભરતભાઇ ઠાકરશીભાઇ છત્રાલીયા વિશેષ ઉપસ્થિત રહયા હતા.

કાર્યક્રમનાં મુખ્ય મહેમાન અમૃતલાલ ખીમજીભાઇ ભારદીયા (રવિ ટેકનોફોર્જ) વિશેષ ઉપસ્થિત રહયા હતા. સાથે આપણી જ્ઞાતિની અનેક સંસ્થાઓના ટ્રસ્ટીશ્રીઓ તથા પ્રમુખશ્રીઓ ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમની શરૂઆત રાષ્ટ્રગીત સાથે થઇ હતી. ત્યારબાદ નાની બાળાઓએ સુંદર નૃત્ય સાથે સ્તુતિ વંદના કરી હતી.

ઉપસ્થિત મહેમાનોએ દિપ પ્રાગટય કર્યું હતું. ત્યારબાદ દાતાશ્રી વતી ઉપસ્થિત ભરતભાઇ ઠાકરશીભાઇ છત્રાલીયાનું સન્માન શાલ, પુષ્પગુચ્છ, સન્માપત્ર તથા સ્મૃતિભેટથી મંત્રીશ્રી જેન્તીભાઇ સુરેલીયા તથા ઉપપ્રમુખ અજયભાઇ વઘાડીયાએ કર્યું હતું. મુખ્ય અતિથિ અમુભાઇ ભારદીયાનું સન્માન શાલ, પુષ્પગુચ્છ તથા સન્માનપત્રથી જ્ઞાતિના પ્રમુખશ્રી મુકેશભાઇ ડાયાભાઇ સુરેલીયા તથા ઠાકરશીભાઇ વડગામાએ કર્યું હતું. ત્યારબાદ જ્ઞાતિના તેજસ્વી-વિદ્યાર્થીઓને વિવિધ પુરસ્કારોથી સન્માનીત કરવામાં આવ્યા હતા. પ્રાસંગીક પ્રવચનમાં અમુભાઇ ભારદીયાએ વિદ્યાર્થીઓને પોતાના વિચારો દ્વારા સુંદર માર્ગદર્શન આપ્યું હતું. અને ખંભાળીયા જ્ઞાતિના સંકુલ તથા મંદિરની સ્વચ્છતા અને જાળવણીના ભરપેટ વખાણ કર્યા હતા. તેમજ કાર્યક્રમના અંતે આભારવિધિ પ્રફુલભાઇ પનારાએ કરી હતી. આ સંપૂર્ણ વિશ્વકર્મા જયંતી મહોત્સવને સફળ બનાવવા માટે જ્ઞાતિના નાના મોટા સૌ કાર્યકર ભાઇઓએ ભારે જહેમત ઉઠાવી હતી. સંચાલન જયંતીભાઇ સુરેલીયાએ કર્યું હતું.



# શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુથાર સમાજ સુરત દ્વારા વિશ્વકર્મા જયંતિ અને ૩૨મો સમૂહલગ્ન મહારાજા ફાર્મ ખાતે યોજાયો




## સમૂહલગ્નમાં ૧૦ નવદંપતિઓ લગ્નગ્રંથિથી જોડાયા : ૭૦૦૦ જેટલા લોકો ઉપસ્થિત રહ્યા

શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુથાર જ્ઞાતિ મંડળ સુરત દ્વારા વિશ્વકર્મા જયંતિ નિમિતે ૩૨ માં સમૂહલગ્ન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૧૦ નવદંપતિઓ લગ્નગ્રંથિથી જોડાયા હતા.



આ તકે સમાજના ટ્રસ્ટી અજય સોંડાગર એ જણાવ્યું હતું કે શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુથાર જ્ઞાતિ મંડળ દ્વારા છેલ્લા ૩૨ વર્ષથી શ્રી વિશ્વકર્મા જયંતિ નિમિતે ભવ્ય સમુહલગ્નનું આયોજન કરવામાં આવી રહ્યું છે ત્યારે આ વર્ષે પણ ૧૦ યુગલો લગ્નગ્રંથિથી જોડાયા હતા. સવારે શ્રી વિશ્વકર્મા પ્રભુની સ્થાપના કરી પૂજન અર્ચન કરવામાં આવ્યું હતું ત્યારે બાદ બપોરે ૨.૩૦ કલાકે શ્રી વિશ્વકર્મા સત્સંગ મંડળના સહયોગથી ભવ્ય શોભાયાત્રા પણ કાઢવામાં આવી હતી જેમાં દરેક વરરાજાઓ પણ જોડાયા હતા. અંબાજી મંદિર સીમાડા ગામથી નીકળીને મહારાજા ફાર્મ પર શોભાયાત્રા પૂર્ણ થઈ હતી. જેમાં વિશ્વકર્મા સત્સંગ મંડળના સભ્યો અશ્વિનભાઈ જાદવાણી, ગિરધરભાઈ, જગદીશભાઈ સચાણીયા, જગદીશભાઈ વઢવાણા, અશ્વિનભાઈ કાપરડી, વિપુલભાઈ ચંદવાણીયા, ગીરીશભાઈ માંડવિયા, કિશોરભાઈ માંડવિયા સહિત તમામ સભ્યોએ જહેમત ઉઠાવી હતી.



વધુમાં ટ્રસ્ટી અજય સોંડાગર એ જણાવ્યું હતું કે મુખ્ય અતિથિ તરીકે જાણીતા ઉદ્યોગપતિ મહેશભાઈ સવાણી, અખિલ ગુજરાત આહીર સમાજના અધ્યક્ષ આર.એચ. હડિયા, આહીર સમાજ સેવા સમિતિ સુરતના પ્રમુખ જીતુભાઈ કાછડ, જાણીતા વક્તા અંકિતાબેન મુલાણી, પાટીદાર સોશ્યલ ટ્રસ્ટના પ્રમુખ ઝીણાભાઈ ખેની, કે.ડી.પંચાલ, કનુભાઈ ગેડિયા, પૂર્વ પ્રમુખ કિશોરભાઈ ઉચડીયા, પૂર્વ મંત્રી





પ્રવિણભાઈ સોંડાગર, નાલંદા ગ્રુપના મયંકભાઈ ચાવડા, જગદીશભાઈ ચાવડા, ઘનશ્યામભાઈ ગજ્જર, દેવિકાબેન જાદવાણી, કેળવણી મંડળના પ્રમુખ અશોકભાઈ માંડવિયા, જગદીશભાઈ સચાણીયા, દિલીપભાઈ સોંડાગર, નરેન્દ્ર ભાઈ દુદકીયા, રાજુભાઇ બોરાણીયા, મમતાબેન કાકલોતર, વિલાસબેન સખીયા, અર્ચનાબેન પરમાર, સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. અંકિતાબેન મુલાણીએ વૈવાહિક જીવનની ખૂબ સુંદર વાતો કરી નવદંપતિઓને માર્ગદર્શન આપ્યું હતું. મહેશભાઈ સવાણી એ પણ જણાવ્યું હતું કે સમૂહલગ્ન કરી અને ખોટા ખર્ચ બચાવી એ બચતનો સદઉપયોગ કરવો જોઈએ. જીતુભાઈ કાછડ એ જણાવ્યું હતું કે સમૂહલગ્નમાં જોડાવું એટલે આપડે ગરીબ છીએ એવું નથી પરંતુ ખોટા ખર્ચ બચાવી અને થયેલી બચતને શિક્ષણ ક્ષેત્રે ઉપયોગમાં લેવાથી ભવિષ્યમાં સમાજમાં અનેક રીતે ઉપયોગી થાય છે. આ તકે પ્રમુખ દશરથભાઈ તથા મંત્રી કાનજીભાઈ તલસાણીયા, અધ્યક્ષ બકુલભાઈ ધારૈયા, ઉપપ્રમુખ અરૂણભાઈ સોંડાગર, સહમંત્રી ગોપાલ ઉચડીયા, ખજાનચી કૌશલ ખંભાયતા તથા સૌ ટ્રસ્ટીઓએ સૌને આવકાર્યા હતા અને સૌ નો આભાર વ્યક્ત કર્યો હતો. સમાજના નાના નાના દીકરા દીકરીઓએ વિવિધ ૮ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી. આ તકે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ એ પણ શુભકામનાઓ પાઠવી હતી. સમાજના અગ્રણી ઉદ્યોગપતિ અમુભાઈ ભારદિયા દ્વારા એક લાખ રુપિયાનું દાન અર્પણ કરવામાં આવ્યું હતું. લગ્નમાં જોડાનાર દરેક દીકરીઓને આશરે ૭૦ જેટલી વસ્તુઓ કરિયાવરમાં આપવામાં આવી હતી. આમ આશરે ૭૦૦૦ જેટલા લોકોએ ઉપસ્થિત રહી કાર્યક્રમનો આનંદ માણ્યો હતો અને પ્રસાદ ગ્રહણ કર્યો હતો. આ તકે વિવિધ દાતાશ્રીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. શ્રી વિશ્વકર્મા કેળવણી મંડળના સભ્યો દ્વારા દાન ભેટ કાઉન્ટર પર સેવા આપવામાં આવી હતી, અર્જુન આગોતરિયા, ગોવિંદ તલસાણીયા અને તેમની ટીમ દ્વારા કાર્યાલય પર ઈમરજન્સી સેવા તરીકે ફરજ નિભાવી હતી. સમાજના સૌ હોદેદારો, ટ્રસ્ટીઓ, કારોબારી સભ્યો, સત્સંગ મંડળ, કેળવણી મંડળ,મહિલા મંડળના સભ્યો અને સ્વયંસેવકો એ ખૂબ જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સ્ટેજ સંચાલન અજય સોંડાગર અને ગોપાલ ઉચડીયા દ્વારા કરવામાં અવાયું હતું. ટ્રસ્ટીશ્રીઓ અશ્વિનભાઈ જાદવાણી, નૈનેશ પાટણવાડીયા, ગોપાલ ઉચડીયા એ સ્ટેજ વ્યવસ્થા સાંભળી હતી. અજય આહલપરા, પિયુષ તલસાનિયા સહિત બેઠક વ્યવસ્થાનું સુંદર આયોજન કર્યું હતું. આ તકે હોદેદારોએ સૌ સહયોગી જ્ઞાતિબંધુઓનો આભાર વ્યક્ત કર્યો હતો.







# ખેલ મહાકુંભમાં વોલીબોલમાં શિહોરનું દિવ્યાંગ દંપતી દ્વિતીય ક્રમે વિજેતા

જીલ્લા કક્ષાના ખેલ મહાકુંભમાં દિવ્યાંગ વોલીબોલ સ્પર્ધામાં શિહોરનાં વિવિધ દિવ્યાંગ સંસ્થાઓ સાથે જોડાયેલા દંપતી મનસુખભાઇ કનોજીયા તથા તેમના પત્ની રસીલાબેન કનોજીયાએ સ્પર્ધામાં દ્વિતીય નંબર પ્રાપ્ત કરેલ અને તેમની ટીમને રનર્સઅપ બનાવી હતી. મનસુખભાઇ શિહોર જ્ઞાતિમંડળમાં પણ જોડાયેલ છે. આ વિજેતા દંપતીને ઠેરઠેરથી અભિનંદનની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.



# મોરબીમાં વિશ્વકર્મા જયંતીની ઉજવણી સાથે વિશ્વકર્મા બાગનું ભૂમિ પૂજન







શ્રી ગુર્જર સુથાર જ્ઞાતિ-મોરબી દ્વારા વિશ્વકર્મા જયંતીની ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી. સવારે મોરબી ખાતેના વિશ્વકર્મા પ્રભુજીના મંદિરે વહેલી સવારે મંગળા આરતી, પ્રભાત આરતી બાદ ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. બપોર બાદ મોરબીના રાજમાર્ગ પર વિશાળ શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ પ્રસંગે જ્ઞાતિજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી અને આ મંગલ અવસર માણ્યો હતો.

મોરબીની ઘેટીપાપા પાસે મંદિર-વાડીની જગ્યા નાની પડતી હોવાથી મોરબીથી નજીક વિરપર ગામે વિશ્વકર્મા બાગનું નિર્માણ કરવા વિશાળ જગ્યા ખરીદવામાં આવી છે. વિરપરની આ નવી જગ્યા પર શાસ્ત્રોકતવિધિથી વિશ્વકર્મા બાગનું ભૂમિપુજન સંસ્થાના આજીવન ટ્રસ્ટી પ્રદીપભાઇ છનિયારાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આરએસએસના પશ્ચિમ ક્ષેત્રના સરસંઘચાલક અને જ્ઞાતિના કાયમી ટ્રસ્ટી ડો. જયંતીભાઇ ભાડેશીયા, જ્ઞાતિના પ્રમુખ અને આજીવન ટ્રસ્ટી જસ્મીનભાઇ ભાલારા, આ પ્રસંગે આજીવન ટ્રસ્ટી પૂર્વ પ્રમુખ જગદીશભાઇ ખારેચા, આજીવન ટ્રસ્ટી વાઘજીભાઇ દશાડીયા, ઉપપ્રમુખ મહેશભાઇ ભારદીયા, મંત્રી દિલીપભાઇ કડેચા અને બોર્ડિંગના ઉપપ્રમુખ દિપકભાઇ બકરાણિયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા.

શાસ્ત્રોકત વિધિથી ભૂમિ પૂજન કરવામાં આવ્યા બાદ સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દાતાઓનું સન્માન, તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન તથા રમતગમતમાં વિજેતાઓનો સમાવેશ થાય છે.વસંતપંચમીના શુભદિવસે સમુહલગ્નનું આયોજન ધામધુમથી આ વર્ષે કરવામાં આવેલ હતાં.

શ્રી ગુર્જર સુથાર જ્ઞાતિ દ્વારા પ્રતિવર્ષ રમત-ગમત અને અન્ય સ્પર્ધાઓ યોજીને વિદ્યાર્થીઓ, યુવાનો, બહેનોને પ્રોત્સાહિત કરવામાં













આવે છે. સાથોસાથ કોલેજ સુધીના તેજસ્વી વિદ્યાર્થીઓનું પણ સમાજ દ્વારા સન્માન કરવામાં આવે છે. ૨૦૨૪માં યોજાયેલ રમત-ગમત સ્પર્ધાઓ જેવી કે લીંબુ ચમચી રેસ, પોટેટો રેસ, વકતૃત્વ સ્પર્ધા, સંગીત ખુરશી, ૧ મિનિટ ગેમ, કરાઓકે સંગીત સ્પર્ધા, ડ્રોઇંગ, સુલેખન, રંગોળી વગેરેનો સમાવેશ થાય છે. આ વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા થયેલ સ્પર્ધકો, તેમજ કોલેજ સુધીના વિદ્યાર્થીઓને સ્મૃતિ ભેટ આપીને સન્માન કરવામાં આવ્યું હતું. જ્ઞાતિના ટ્રસ્ટીશ્રીઓ પ્રવીણભાઇ ભાલારા, જીતુભાઇ સંચાણીયા, રજનીકાંતભાઇ અંબાસણા, વિપુલભાઇ સંચાણીયા, જયેશભાઇ સંચાણીયા, સુનીલભાઇ મહેમદાવાદીયા તેમજ વિદ્યાર્થી ભવનનાં ટ્રસ્ટીશ્રીઓ રજનીકાંતભાઇ કથ્રેચા, કિરીટભાઇ ભાલારા, રાજેશભાઇ પંચાસરા, અનીલભાઇ દુદકીયા, અમિતભાઇ વીશરોલીયા, પ્રશાંતભાઇ પિલોજપરા, ઉપેનભાઇ સુરેલીયા, હેતલબેન ખારેચા, કુસુમબેન બકરાણીયા અને મહાનુભાવોના હસ્તે આ સન્માન કરવામાં આવ્યું હતું.



સન્માન સમારંભ બાદ મોરબીના સમગ્ર સમાજે બપોરનો મહાપ્રસાદ ગ્રહણ કર્યો હતો.

### રકતદાન કેમ્પ

આ પ્રસંગે શ્રી વિશ્વકર્મા સોશ્યલ ગ્રુપ અને શ્રી વિશ્વકર્મા સેવા સેતુ ગ્રુપ દ્વારા જ્ઞાતિના સહયોગથી ૧૩માં રકતદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬૮ જેટલા રકતદાતાઓએ રકતદાન કર્યું હતું. મોરબીની શ્રી સ્વામીનારાયણ સંસ્કારધામ ટ્રસ્ટ મોરબી સંચાલીત સંસ્કાર બ્લડ બેંકનાં સહયોગથી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વ. રંજનબેન ગોપાલભાઇ કડેચાની સ્મૃતિમાં ડો. દિપ્તીબેન ગોપાલભાઇ કડેચા દ્વારા દરેક રકતદાતાઓને ગીફ્ટ આપવામાં આવી હતી.

# અમદાવાદ ન્યુ. મણીનગરમાં વિશ્વકર્મા જયંતીની અનોખી ઉજવણી





શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર પરિવાર ન્યુ મણિનગર અમદાવાદ ખાતે ભવ્યતા સાથે અભૂતપૂર્વ, બીજે ક્યાંય ન યોજાયો હોય તેવા અનોખી વિશ્વકર્મા જયંતીની ઉજવણી થઇ હતી. આ પ્રસંગે પૂજ્ય ભગવાન, માતાજી ના વેશ ધારણ કરી ને ભજન પ્રોગ્રામનું પણ આયોજન થયું હતું.

જેમાં શહેર ના નાના માં નાના વ્યક્તિ થી લઈને મોટા માં મોટા ગણાતા ઉદ્યોગપતિ ઓ એ લાભ લીધો. સૌ પ્રથમ બાળ અધિકાર સંરક્ષણ આયોગના અધ્યક્ષ શ્રી ધર્મિષ્ઠા બેન ગજ્જર, શહેરના નામાંકિત ઉદ્યોગપતિ અને દાતાશ્રીઓ ધર્મેન્દ્રભાઈ ખંભાયતા, હસમુખભાઈ પનારા, રમેશભાઈ છનીયારા, પ્રફુલભાઈ સુરેલિયા, ઘનશ્યામભાઈ વણોદિયા, અરવિંદભાઈ સંચાણિયા, રાજુભાઈ ચાંપાનેરા, ભગવાનભાઈ તલસાણીયા, દીપપ્રાગટ્ય કરીને ધાર્મિક પ્રોગ્રામની શરૂઆત કરાવી સાથે સૌ ન્યુ મણિનગર ગ્રુપના સભ્યોએ દીપ પ્રગટાવી અને દાદાની આરતી આરાધના કરી. મનહરભાઈ વિસાવડિયા, ભાવિનભાઈ સોનીગ્રા, સહિયર ગ્રુપમાંથી હસુમતીબેન વિસાવડિયા હાજર રહીને આયોજનને માન આપી પ્રોગ્રામની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી.

આ સાથે સીપીઆર ટ્રેનિંગ અને ચશ્માના ફ્રી નંબર અને સેવા મૂલ્યે રૂા. ૫૦ના ભાવથી ચશ્મા બનાવી આપવાની સેવાનો સૌએ લાભ લીધો. ૮૦૦ જ્ઞાતિજનોએ એક સાથે ભોજન પ્રસાદનો લાભ લીધો.

**(અહેવાલ : કૃણાલ બદ્રકિયા)**

# પોરબંદરમાં વિશ્વકર્મા જયંતીની ધામધૂમથી ઉજવણી







જય વિશ્વકર્મા પોરબંદર ગુજરાત સુથાર જ્ઞાતિમાં શ્રી વિશ્વકર્મા દાદાની જયંતિનો ઉત્સવ ધામધૂમથી અને શ્રદ્ધાપૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

જેમાં સૌપ્રથમ શ્રી વિશ્વકર્મા દાદાની પૂજન વિધિ કરવામાં આવેલ હતી. આ પૂજન વિધિમાં શ્રી તન્મયભાઈ ગોમેશભાઈ ગજ્જર તથા ટ્રસ્ટીશ્રી અનિલભાઈ જયંતીભાઈ દુધૈયા સજોડે વિશ્વકર્મા દાદાની પૂજન વિધિનો લહાવો પ્રાપ્ત કરેલ હતો. ત્યારબાદ જ્ઞાતિની જનરલ મીટીંગની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ હતી આ જનરલ મિટિંગની કાર્યવાહી ટ્રસ્ટી શ્રી નીતીશકુમાર બકરાણીએ સંભાળેલ હતી જેમાં સૌપ્રથમ ગત વર્ષમાં અવસાન પામેલ સ્વજનોની આત્માની શાંતિ માટે સૌ જ્ઞાતિજનોએ પોતાના સ્થાન પર ઊભા રહી બે મિનિટનું મૌન પાળી પ્રાર્થના કરી હતી.

ત્યારબાદ મિટિંગની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. જેમાં મિટિંગનો હેતુ જણાવી વર્ષ દરમિયાનની શૈક્ષણિક પ્રવૃત્તિનો સંક્ષિપ્ત અહેવાલ રજૂ કરેલ હતો.

ત્યારબાદ મહાપ્રસાદીના દાતા શ્રી ગોમેશભાઈ જી. ગજ્જરને પોરબંદર ગુર્જર સુથાર જ્ઞાતિના પ્રમુખશ્રી મુકેશભાઈ બકરાણીયા દ્વારા સાલ તથા સન્માન પત્ર અર્પણ કરી દાતાશ્રીનું અભિવાદન કરેલ હતું. તેમજ અન્નકૂટના દાતાશ્રી જયંતીભાઈ દુધૈયાનો પણ આ તકે વિશેષ આભાર વ્યક્ત કરેલ હતો.

ઉપરાંત વર્ષ દરમિયાન જ્ઞાતિ ભવનમાં કરવામાં આવેલ રિનોવેશન તથા સુધારાના ખર્ચની વિગતો રજૂ કરવામાં આવેલ હતી. આભાર વિધિની કાર્યવાહી ટ્રસ્ટી શ્રી અનિલભાઈ દુધૈયાએ સંભાળી હતી. જેમાં મહાપ્રસાદીના દાતા, અન્નકોટના દાતા, તથા સત્સંગ મંડળ ક્લબ, તમામ વડીલો, ભાઈઓ, બહેનો તેમજ કાર્યક્રમને સફળ બનાવવા ખૂબ જ મહેનત અને ઉત્સાહથી કાર્ય કરતી યુવા કારોબારીનો વિશેષ આભાર વ્યક્ત કરેલ હતો. ત્યારબાદ સૌ જ્ઞાતિજનોએ દાદાની મહાપ્રસાદી મેળવી કાર્યક્રમ પૂર્ણ કરેલ હતો.

# અમદાવાદ ગીતા મંદિરે વિશ્વકર્મા જયંતીની સાથે બ્લડ કેમ્પ યોજાયો




## કલ્પેશભાઈ બાસોપીયા પરિવારે કર્યું ધ્વજાપુજન

અમદાવાદના શ્રી ગુર્જર સુતાર યુવક સંઘ દ્વારા વિશ્વકર્મા જયંતીની ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી. વિશ્વકર્મા જયંતીએ ૬૫ વર્ષ પુરા થયા હોય વિશ્વકર્મા જયંતીની ઉજવણીનો આનંદ બેવડાયો હતો. સવારે મહઆરતી બાદ સવારે ૯ વાગ્યે ધ્વજારોહણ કરાયું હતું. મંદિરના શીખરે ધજા ચડાવવાનું અને પુજન ૪૦ વર્ષથી પણ વધારે સ્વ. ધીરજલાલ મક્નભાઇ બાસોપીયા તરફથી કરવામાં આવે છે. સાથે સાથે ૨૫ વર્ષથી મંદિરે વિશ્વકર્મા દાદાનો રાજભોગ પ્રસાદમાં ફાળો આપતા રહયા છે. સ્વ. ધીરજલાલ બાસોપીયાના પુત્ર કલ્પેશ બાસોપીયાએ ધ્વજાપુજન કર્યું હતું. બાદમાં ભગવાનને રાજભોગ ધરાવાયા બાદ બપોરે ભોજનપ્રસાદનો લાભ જ્ઞાતિજનોએ લીધો હતો. આ ઉત્સવ પ્રસંગે રક્તદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. પ્રમુખ ધર્મેન્દ્રભાઇ દેવળીયા અને કારોબારી સમિતિએ આયોજન સફળ બનાવ્યું હતું. સવારથી રાત સુધી દર્શનાર્થીઓએ વિશ્વકર્મા પ્રભુજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# શ્રી ગુર્જર સુથાર જ્ઞાતિ-મોવૈયા (પડધરી) દ્વારા યજ્ઞની સાથે વિશ્વકર્મા જયંતીની ઉજવણી







શ્રી ગુર્જર સુથાર જ્ઞાતિ ગ્રામ્ય વિસ્તાર-મોવૈયા (પડધરી) દ્વારા મોવૈયા સર્કલ પાસે બાલાજી પાર્કમાં આવેલ વિશ્વકર્મા મંદિરે તા. ૧૦-૦૨-૨૫ સોમવારના રોજ વિશ્વકર્મા જયંતીની ઉજવણી કરવામાં આવેલ.

આ પ્રસંગે સવારે ૭.૩૦ કલાકે મંગળા આરતી તથા ૧૦ વાગ્યે ઉપસ્થિત જ્ઞાતિજનોની મિટીંગ મળેલ જેમાં ચર્ચા-વિચારણા કરવામાં આવેલ. આ પ્રસંગે યજ્ઞ રાખેલ જેનું બીડુ બપોરે ૧૨.૧૫ કલાકે ઉપસ્થિત જ્ઞાતિજનોની હાજરીમાં ભુદેવોનાં મંત્રોચ્ચાર સાથે હોમાયેલ. આ વિશ્વકર્મા જયંતીની પુજામાં તથા યજ્ઞમાં યજમાન તરીકે સતીષભાઇ હસમુખભાઇ વડગામા, મોવૈયા તથા મનિષભાઇ કિશોરભાઇ પંચાસરા-દપાળીયા બેઠા હતાં. દાદાનાં વાઘા તથા ધ્વજાના દાતા વિનોદભાઇ બાબુભાઇ ઘોરેચા-મોવૈયા રહયા હતા.

આ પ્રસંગે મોવૈયા-પડધરી ઉપરાંત આસપાસનાં ગ્રામ્ય વિસ્તારનાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહયા હતા. અને બપોરે લગભગ ૨૭૫ જેટલા જ્ઞાતિજનોએ મહાપ્રસાદ લીધો હતો. આ મહાપ્રસાદનાં દાતા તરીકે સ્વ. હસમુભાઇ ત્રિભોવનભાઇ વડગામા-મોવૈયાના પરિવારના સુરેશભાઇ, સતિષભાઇ, નિખિલભાઇ તેમજ કિશોરભાઇ ભાણજીભાઇ પંચાસરા-દેપાળીયા પરિવારના મનિષભાઇ તથા હિરેનભાઇ રહયા હતા.

આ વિશ્વકર્મા જયંતીની ઉજવણીને સફળ બનાવવા જ્ઞાતિના પ્રમુખ કિશોરભાઇ બકરાણિયા, ઉપપ્રમુખ કિરીટભાઇ ધ્રાંગધરિયા, મંત્રી રવિભાઇ ધ્રાંગધરિયા, ખજાનચી સતિષભાઇ વડગામા તથા સભ્યશ્રીઓ મનિષભાઇ પંચાસરા, જીતુભાઇ ધ્રાંગધરિયા, બિપીનભાઇ સુરેલીયા, સુભાષભાઇ પંચાસરા, મહેન્દ્રભાઇ ભાલારા, હાર્દિક પંચાસરા, નરેન્દ્રભાઇ બકરાણિયા, રાજેશભાઇ દુદકીયા તેમજ સ્કોપ સભ્ય અમૃતભાઇ બામરોલીયા તેમજ શુભેચ્છક તથા સલાકારશ્રીઓમાં દામજીભાઇ અઘેરા, કુમારભાઇ પંચાસરા, અશોકભાઇ ધ્રાંગધરિયા, બકુલભાઇ બકરાણીયા, અમુભાઇ પંચાસરા સહિતનાએ જહેમત ઉઠાવી હતી.

**અહેવાલ : કિશોરભાઇ બકરાણીયા.**

# ગુર્જર સુતાર પ્રગતિ મંડળ વડોદરા દ્વારા રકતદાન શિબિર સાથે વિશ્વકર્મા જયંતીની ઉજવણી

શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળ દ્વારા કારેલીબાગ ખાતે આવેલ જ્ઞાતિની વાડી ખાતે વિશ્વકર્મા જયંતીની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે તા. ૧૦-૦૨-૨૫ સોમવારના રોજ વિશ્વકર્મા જયંતીના દિવસે દાદાની પુજા તથા આરતી કરવામાં આવેલ તેમજ સત્યનારાયણ ભગવાનની કથા રાખવામાં આવેલ.આ આરતી તથા કથાનો જ્ઞાતિજનોએ લાભ લીધો હતો.





આ પ્રસંગે રકતદાન મહાદાનનાં સુત્રને સાર્થક કરતાં રકતદાન કેમ્પનું આયોજન પણ જ્ઞાતિની સાથે ગુર્જર સુતાર યુથ ફોરમનાં સંયુકત આયોજન રૂપે કરવામાં આવેલ. જેમાં ૩૫ જેટલા રકતદાતાઓએ રકતદાન કરી સામાજીક સેવાનો ભાવ પ્રગટ કરેલ.

આ પ્રસંગે બપોરે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ જેમાં અંદાજે ૬૦૦ જેટલા જ્ઞાતિજનોએ મહાપ્રસાદ લીધો હતો.

આ વિશ્વકર્મા જયંતી મહોત્સવનાં રકતદાન કેમ્પ તથા મહાપ્રસાદ (ભોજન) સહિતની સમગ્ર વિશ્વકર્મા જયંતી ઉત્સવના દાતા તરીકે સ્વ. નરસિંહભાઇ મોહનભાઇ પંચાસરા પરિવારનાં મયંકભાઇ નરસિંહભાઇ પંચાસરા રહયા હતા. વડોદરા જ્ઞાતિના અગ્રણીઓએ દાતા પરિવારનો આભાર વ્યકત કર્યો હતો.

આ વિશ્વકર્મા જયંતીની ઉજવણીને સફળ બનાવવામાં જ્ઞાતિનાં પ્રમુખ જયંતીભાઇ વડગામા, ઉપપ્રમુખ મહેશભાઇ નાયકપુરા, મંત્રી મુકેશભાઇ ઘોરેચા, સહમંત્રી બિરેનભાઇ નાયકપુરા, ખજાનચી તેજશભાઇ અંબાસણા, સભ્યશ્રીઓમાં જયંતીભાઇ તલસાણિયા, ચંદ્રકાંત સીતાપરા, આશિષભાઇ ચાંપાનેરીયા, તુષારભાઇ એરાપડા, શરદભાઇ પંચાસરા, મનુભાઇ વિશરોલીયા, એડહોક સભ્ય કિરીટભાઇ બદ્રકિયા તથા ચેતનભાઇ ખારેચાએ જહેમત ઉઠાવી હતી.

**(અહેવાલ : મુકેશભાઇ ઘોરેચા)**

# તલસાણિયા પરિવાર (ગોલીડાવાળા) દ્વારા યોજાઇ શ્રીમદ્ ભાગવત સપ્તાહ







રાજકોટથી આશરે ૩૩ કિલોમીટર દૂર આવેલ ગોલીડા ગામ જે હડમતીયા ગોલીડાથી ઓળખાય છે. આ ગોલીડા ગામમાં તલસાણીયા પરિવારની એક પાંખી (શાખા) આવેલ હતી. ધંધા-રોજગાર અર્થે કાળક્રમે પરિવારના વંશજો અલગ-અલગ ગામ તથા શહેરોમાં વસવાટ કરેલ.આશરે ઈ.સ. માં ગૌ.વા. શ્રી વ્રજલાલ ડાહ્યાભાઇ તલસાણીયા મોમ્બાસાથી લંડન સ્થળાંતર થયા.

પોરબંદરવાળા વિખ્યાત કથાકાર શ્રી હાર્દિકભાઈ જોશીના શ્રીમુખેથી મુરલી મનોહર બાંકે બિહારી શ્રી કૃષ્ણ કનૈયાની બાળલીલા તેમજ રાસલીલાનો પરિવારના અબાલ-વૃદ્ધ અને મહેમાનોએ રસાસ્વાદ માણ્યો હતો.

તા. ૧૫ ના રોજ ધામધૂમ અને પૂરી આસ્થા અને શ્રદ્ધાપૂર્વક કથા સ્થળે પોથીજીની પધરામણી કરવામાં આવી. શ્રીમદ્ ભાગવત સપ્તાહ દરમ્યાન તા. ૧૮ ના રોજ કૃષ્ણ જન્મોત્સવ, તા. ૧૯ ના રોજ ગોવર્ધન પૂજા તથા તા. ૨૦ ના રોજ રૂક્ષ્મણી વિવાહનો ઉત્સવ ધામધૂમ પૂર્વક ઉજવવામાં આવ્યો હતો. જેમાં પરિવારના સૌ સભ્યો અને આમંત્રિત મહેમાનો આનંદના સહભાગી બની ભાવવિભોર થયા હતા.

તા. ૨૧ ના રોજ સવારે કથા દશાંશ યજ્ઞનું આયોજન કરવામાં આવેલ. જેમાં લંડનથી ભાગવત સપ્તાહ માટે જ માદરે વતન આવેલ શ્રી સુરેશભાઈ તથા શ્રી દિલીપભાઈએ સજોડે સાતક તરીકે બેસી દિવ્ય લાભ લીધો.

તા. ૨૧ ના રોજ શ્રીમદ્ ભાગવત સપ્તાહની ભાવપૂર્વક પૂર્ણાહુતી કરવામાં આવી. સપ્તાહમાં પરિવારના દરેક સભ્યો અને ખાસ કરીને બહેનોમાં ખૂબજ કૌટુંબીક ભાતૃભાવના વધુ પ્રબળ બની અને એકબીજાની ખૂબ જ નિકટતાની ભાવના જોવા મળી.

સપ્તાહના આયોજનમાં જેમનો પણ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહયોગ પ્રાપ્ત થયો તેમનો આ તકે મુખ્ય યજમાનશ્રી તથા તલસાણીયા પરિવાર (ગોલીડા) હૃદયપૂર્વક આભાર માને છે. આ સાથે પરિવારના આંબાની આવનારી પેઢીને જાણકારી માહિતગાર કરતી પરિવારના દશ વર્ષના બાળકો પેઢી પણ મોંમા આંગળા નાખી તેવી નાના મોટા પણ અનુભુતીથી અવગત થયાની ખુશી હતી.

# જસદણમાં ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા વિશ્વકર્મા જયંતીની ઉજવણી







## પ્રમુખ સહિતની નવી કમિટીની રચના

ગુર્જર સુતાર જ્ઞાતિ-જસદણ દ્વારા તા. ૧૦-૦૨-૨૦૨૫ સોમવારના રોજ વિશ્વકર્મા જયંતીની ઉજવણી ભાવભેર હર્ષોલ્લાસથી કરવામાં આવી હતી.

જેમાં સવારે વિશ્વકર્મા દાદાની પુજા તેમજ આરતી કરવામાં અવોલ. બાદમાં દાતાઓનું ઉપહારથી સન્માન કરવામાં આવેલ બાદમાં જ્ઞાતિ મિટીંગ મળેલ જેમાં જ્ઞાતિ ઉત્કર્ષ તથા જ્ઞાતિની વાડી (મકાન) અંગે ચર્ચા વિચારણા કરવામાં અવોલ જેમાં ઉપસ્થિત જ્ઞાતિજનોએ ભાગ લીધો હતો. હાલની કમિટીનાં પ્રમુખ અશોકભાઇ અંબાસણા, ઉપપ્રમુખ મનોજભાઇ જોલાપરા, મંત્રી મયુરભાઇ તલસાણિયા, સહમંત્રી મહેશભાઇ ખંભાયતા તથા ખજાનચી શૈલેષભાઇ ખંભાયતાનો કાર્યકાળ પુર્ણ થતાં નવી કમિટી અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવેલ અને ચર્ચાના અંતે નવી કમિટીની રચના કરવામાં આવેલ જેમાં પ્રમુખ તરીકે મનોજભાઇ જોલાપરા, ઉપપ્રમુખ ધીરૂભાઇ અંબાસણા, મંત્રી શૈલેષભાઇ તલસાણિયા, સહમંત્રી મયુરભાઇ તલસાણિયા તથા ખજાનચી તરીકે ચેતનભાઇ અંબાસણાની નિમણુંક કરવામાં આવેલ.

બપોરના મહાપ્રસાદના દાતા પ્રવીણભાઇ લવજીભાઇ ત્રેટીયા રહયા હતા. જેમાં ઉપસ્થિત સૌ જ્ઞાતિજનોએ મહાપ્રસાદ લીધો હતો. સમય વિશ્વકર્મા જયંતીની ઉજવણીમાં સર્વે જ્ઞાતિજનોએ ઉલ્લાસભેર ભાગ લીધો હતો. જેને સફળ બનાવવામાં સમિતિ કમિટીનાં હોદ્દેદારોએ જહેમત ઉઠાવી હતી.

**(અહેવાલ : અશોકભાઇ અંબાસણા)**

# છેલ્લા ૪૦ વર્ષથી દરરોજ એકટાણા કરતાં રાજકોટના વિજયાબા નગેવાડિયાના ૧૦૦માં જન્મદિવસની ભવ્ય ઉજવણી




## પૌત્ર અંકિતના લગ્નપ્રસંગે વિજયાબાની સાથે દોહિત્ર તથા પ્રપૌત્રના જન્મદિવસની પણ ઉજવણી

- જયંતીભાઇ નગેવાડીયા

રાજકોટમાં રહેતા ગં.સ્વ. વિજયાબેન પરસોતમભાઇ નગેવાડિયાનો ૧૦૦મો જન્મદિવસ સૌ સગા-સ્નેહીઓ તથા પરિવારજનોની વિશાળ હાજરીમાં કેક કાપી ધામધુમપૂર્વક ઉજવવામાં આવ્યો.

વિજયાબેન નગેવાડીયા એટલે કે વિજયાબા નગેવાડીયાનાં ૧૦૦માં જન્મદિવસની ઉજવણી તાજેતરમાં તા. ૧૪-૦૨-૨૦૨૫ને શુક્રવારના રોજ તેમના પૌત્ર અંકિત જયંતીભાઇ નગેવાડીયાના લગ્નપ્રસંગે લગ્ન વધાવવાની વિધી બાદ તેમના નિવાસસ્થાન 'સિદ્ધિ હાઇટ્સ'ના કલબ હાઉસમાં કેક કાપી ધામધુમપૂર્વક ઉજવવામાં આવ્યો. આ સાથે જ તા. ૧૪-૨-૨૫ના રોજ વિજયાબાનાં દોહિત્ર અને તાજેતરમાં ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા ઉજવાયેલ વિશ્વકર્મા જયંતી તથા સમુહલગ્નનાં મુખ્ય દાતા એવા વિજયભાઇ પ્રભુદાસભાઇ ધ્રાંગધરીયાનો જન્મદિવસ પણ આ દિવસે હોવાથી તેમજ વિજયાબાના પ્રપૌત્ર આર્ય સુનિલભાઇ નગેવાડીયાનો જન્મદિવસ પણ આજ દિવસે તા. ૧૪ ફેબ્રુઆરીના રોજ હોવાથી સાથે કેક કટીંગ કરીને ઉજવવામાં આવ્યો. વિજયાબાનાં જન્મદિવસની કેકમાં ૧૦૦નો આંક દર્શાવતી કેક હતી. જે વિજયાબાએ પોતાના હાથે કેક કાપી હતી. લગ્નપ્રસંગને કારણે ઉપસ્થિત પરિવારજનો તેમજ સગા-સ્નેહીઓની વિશાળ હાજરીમાં હેપી બર્થડેનાં ગીત સાથે હેપી બર્થડેની ચિચિયારીઓ ગુંજી હતી. વિજયાબાએ સૌને પોતાના હાથે કેક ખવરાવી હતી.



બાદમાં બીજી કેક વિજયાભાઇ અને આર્યએ સાથે કાપી હતી. ત્યારે પણ હેપી બર્થ ડેની ચિચીયારીઓ થઇ હતી અને સૌ મહેમાનોને કેક ખવરાવી હતી અને દરેક મહેમાનોએ બંનેને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી હતી. આમ વિજયાબાનો ૧૦૦મો જન્મદિવસ પૌત્ર અંકિતના લગ્ન, દોહિત્ર વિજયભાઇ તથા પ્રપૌત્ર આર્યનો જન્મદિવસ જેવા શુભગ સંયોગ સાથે ઉજવાયો હતો.

જો કે વિજયાબાનાં ૧૦૦ વર્ષની વાત કરીએ તો તેમની ચોકકસ જન્મતારીખ તેમને પણ ખબર નથી તેની કયાંય નોંધ પણ નથી પરંતુ તેમના પતિ સ્વ. પરસોતમભાઇ મનજીભાઇ નગેવાડીયાની જન્મતારીખની ખબર છે. અને તેમના લગ્ન સમયે તેમના પતિથી પોતાના ઉંમરનો તફાવત તેમજ વિજયાબાના સ્વર્ગીય ભાઇ-બહેનોના ઉંમરના તફાવત મેળવતાં વિજયાબાને ૧૦૦ વર્ષ થયાનું પાકુ નકકી થયું હતું. આથી તેમના પુત્ર જયંતીભાઇ તથા પરિવારજનોએ પુત્ર અંકિતના લગ્ન પ્રસંગની સાથે જ વિજયાબાનો ૧૦૦મો જન્મદિવસ ઉજવવાનું નકકી કર્યું હતું ? આ દિવસે જ વિજયભાઇ અને આર્યનો તા. ૧૪ ફેબ્રુઆરી (વેલેન્ટાઇન ડે)ના દિવસે જન્મદિવસ હોવાથી આ બધા સંયોગ ભેગા થયા હતા અને અંકિતના લગ્નપ્રસંગને કારણે હાજર નગેવાડીયા પરિવારના સૌ સભ્યો સગા-સ્નેહીઓ પુત્ર-પુત્રીઓ પૌત્ર-દોહિત્ર-જમાઇ સહિતનો વિશાળ પરિવારની ઉપસ્થિતિમાં

વિજયાબાનો જન્મદિવસ ધામધૂમપૂર્વક ઉજવાયો અને બાદમાં સૌએ સાથે ભોજન લીધું હતું.

૧૦૦ વર્ષની વયે વિજયાબાની દિનચર્યાની વાત કરીએ તો વિજયાબાને કોઇ બિમારી નથી. ફક્ત કાને ઓછું સંભળાય છે. પોતાનું બધુ કામ જાતે જ કરે છે. સવારે ઉઠીને નિત્યપાઠનું વાંચન, બાદમાં નાહી ધોઇને પુજાપાઠ કરવા બેસે છે. માળા કરે છે આ બધુ બપોરે ૧ વાગ્યા સુધી ચાલે છે.

વાંચનનો બહુ શોખ છે. ધાર્મિક પુસ્તકો ઉપરાંત દરરોજ છાપુ, પુર્તિ વગેરે પણ વાંચે છે. સાંજે પણ દિવાબતી કરીને માળા કરે છે. આમ દિવસનો મોટાભાગનો સમય પુજા-પાઠ અને વાંચનમાં પસાર કરે છે અને રાત્રે બે કલાક ટી.વી. સિરીયલ પણ જોવે છે. વિજયાબા છેલ્લા ૪૦ વર્ષથી દરરોજ બપોરે એકટાણું કરે છે. તેમના પતિ સ્વ. પરસોતમભાઇનું ૧૯૮૪માં અવસાન થયેલ ત્યારબાદ તેઓએ નિશ્ચિય કર્યો કે હવે પછી હું દરરોજ બપોરે એક જ ટાઇમ જમીશ. તે ક્રમ હજુ ૪૦ વર્ષથી જાળવી રાખ્યો છે. ગમે તેવો ઘરનો પ્રસંગ હોય તો પણ તેઓ એક જ ટાઇમ જમે છે. વિજયાબાના ૧૦૦ વર્ષના આયુષ્યનું અને તંદુરસ્તીનું આ પણ એક કારણ હોઇ શકે. તેમને ડાયાબીટીસ, બીપી કે અન્ય કોઇ બિમારી નથી પરંતુ કયારેક અવસ્થાની તકલીફ દેખાડે.

વિજયાબા નાં પરિવારની વાત કરીએ તો ત્રણ દિકરાઓમાં સ્વ. અમુભાઇ પરસોતમભાઇ નગેવાડીયા, લલિતભાઇ પરસોતમભાઇ નગેવાડીયા તથા જયંતીભાઇ પરસોતમભાઇ નગેવાડીયા તથા દિકરીઓમાં ગં.સ્વ. ચંદ્રિકાબેન પ્રભુદાસભાઇ ધ્રાંગધરીયા તથા ભારતીબેન ધીરજલાલ ઘોરેચા. આમ દિકરા, દિકરી, જમાઇ, પૌત્ર, પ્રપૌત્ર, દોહિત્ર, દૌહિત્રીઓ મળીને ૬૦ જેટલા લોકોનો વિશાળ પરિવાર તેમની નજર સામે છે. તેમનો પરિવાર પણ ભાગ્યશાળી છે કે ૧૦૦ વર્ષનાં વિજયાબા જેવા વડીલના આશીર્વાદ તેમને મળે છે.

# ભાવનગર સમસ્ત ગુર્જર સુથાર જ્ઞાતિ દ્વારા સમુહલગ્નોત્સવ સાથે વિશ્વકર્મા જયંતીની ઉજવણી






ભાવનગર સમસ્ત ગુર્જર સુથાર જ્ઞાતિ દ્વારા તા. ૧૦-૦૨-૨૦૨૫ના રોજ વિશ્વકર્મા જયંતીની ઉજવણી દાદાની પુજા અર્ચના અને સમુહલગ્નોત્સવ સાથે ખુબ જ ધામધુમથી ઉજવવામાં આવેલ.



આ પ્રસંગે સુતારવાડ ખાતે આવેલ વિશ્વકર્માજીના મંદિર ખાતે સવારે ૬ વાગ્યે મંગળા આરતી કરવામાં આવેલ. જેમાં જ્ઞાતિના પ્રમુખ અતુલભાઇ જાદવાણી તથા કમિટીના સભ્યો તેમજ જ્ઞાતિના ભાઇઓ-બહેનોએ આરતીનો લાભ લીધો હતો.


આ વિશ્વકર્મા જયંતી પ્રસંગે જ કાળીયાબીડ ખાતે આવેલ વિશ્વકર્મા બાગે સમુહલગ્નનું આયોજન કરવામાં આવેલ. જેમાં પાંચ નવદંપતિઓ આ સમુહલગ્નમાં જોડાયા હતાં. આ પ્રસંગે દિકરીઓને ઘર ઉપયોગી તમામ વસ્તુઓ કરીયાવરરૂપે આપવામાં આવેલ. જ્ઞાતિના પ્રમુખ અતુલભાઇ જાદવાણી તથા આગેવાનોએ સમાજના આર્થિક રીતે સદ્ધર ન હોય તેવા પરિવારોની દિકરીઓના વાલીઓને સહયોગી બની પિતાતુલ્ય ભાવ દાખવી સમાજની દિકરીઓને કંઇ ઓછુ ન આવે તેવું આયોજન કરેલ અને કન્યાદાન મહાદાનના સુત્રને સાર્થક કરેલ.

આ સમુહલગ્નમાં કોઇપણ પ્રકારની અગવડતા ન પડે તે પ્રકારની સુંદર વ્યવસ્થા માટે જ્ઞાતિના પ્રમુખ અતુલભાઇ જાદવાણી તથા કમિટીના સભ્યોમાં પ્રવીણભાઇ બોરસણીયા, અનિલભાઇ કનેજીયા, હરેશભાઇ તલસાણિયા, ઘનશ્યામભાઇ દેત્રોજા, રાજુભાઇ જાદવાણી, રાજુભાઇ આહલપરા, હર્ષદભાઇ અઘેડા, કેતનભાઇ અઘેડા, જયેશભાઇ આહલપરા તથા ઘનશ્યામભાઇ છત્રાવડાએ જહેમત ઉઠાવી હતી. **(અહેવાલ : હર્ષદભાઇ અઘેડા)**

# ‘વિશ્વકર્મા વિશ્વ’ વડે સમાજમાં શાંત ક્રાન્તિ થાય તેવી શુભેચ્છા : પૂ. અપૂર્વમુનિ સ્વામી

## વિશ્વકર્મા વિશ્વના વિશ્વકર્મા જયંતી વિશેષાંકનું પૂ. અપૂર્વમુનિ સ્વામીના હસ્તે વિમોચન

કલા-કારીગરી-કૌશલ્ય અને સાહિત્યને ઉજાગર કરતુ અને રાજકોટથી રમ્ય પબ્લીકેશન દ્વારા પ્રકાશીત મલ્ટીમીડિયા મેગેઝીન ‘વિશ્વકર્મા વિશ્વ’ના વિશ્વકર્મા જયંતી વિશેષાંકનું વિમોચન સ્વામીનારાયણ મંદિર-રાજકોટ (બીએપીએસ)ના સંત નિર્દેશક અને વિદ્વાન વકતા પૂજય શ્રી અપૂર્વમુતિ સ્વામીએ કર્યું હતું. આ પ્રસંગે વિશ્વકર્મા વિશ્વના તંત્રી પ્રવીણભાઇ ગજજર, અખીલ વિશ્વકર્મા સુથાર સંઘ ગુજરાતના અધ્યક્ષ શ્રી યોગીનભાઇ છનિયારા અને ગુર્જર સુતાર પ્રગતિ મંડળના અધ્યક્ષ શ્રી અરવિંદભાઇ ગજજર પણ આ પ્રસંગે ઉપસ્થિત રહયા હતા.



પૂ. અપૂર્વ સ્વામીએ આ પ્રસંગે આર્શીવચન આપતા કહયુ કે, વિશ્વકર્મા વિશ્વ સામયીક પ્રવીણભાઇ ગજજરની અનહદ બુદ્ધિ પ્રતિભા પ્રયત્નો અને વ્યાપક સંબંધોને અનંત નામના અને લોકચાહના મેળવી રહયું છે. વિશ્વકર્મા વિશ્વ વિશ્વકર્મા સમાજના જ અન્ય સમાજના સારી સારી વાતો પીરસી રહયું છે.

આ મેગેઝીનને જયારે અનેક વર્ષ પુરા કરી રહયું છે. અને ૨૨માં વર્ષમાં પ્રવેશ કરી રહયું છે. અમારી ખુબ ખુબ શુભકામનાઓ છે. સ્વામીનારાયણ ભગવાન, પરમપુજય મહંત સ્વામીના શુભ ચરણોમાં પ્રાર્થના કરીએ છીએ કે આ મેગેઝીન યાવચંદ્ર દીવા કરો સતત આ મેગેઝીન ચાલતુ રહે. નવી ટીમ તૈયાર થતી રહે, ચાલતુ રહે. લોકો સુધી સારી વાતો સદ્‌વાંચનની પ્રેરણા આપતું રહે. સારા સમાચાર સમાજ સુધી પહોંચાડતું રહે. અને જેમ સરદાર વલ્લભભાઇ પટેલના સમયમાં ગાંધીજીના સમયમાં નાના નાના પુસ્તકોએ મેગેઝીનોએ અખબારોએ જેમ ક્રાંતિનું કામ કર્યું હતું. જોડવાનું કામ કર્યું હતું. એમ આ મેગેઝીન દ્વારા લોકો જોડાય, સમાજ જોડાય અને શાંત ક્રાન્તિ થાય, સંસ્કારોની ક્રાંન્તિ થાય, સદ્‌વિચારની ક્રાંન્તિ થાય એવું આ મેગેઝીન દ્વાર થાય. એવી અમારી ખાસ ખાસ શુભકામનાઓ છે.

વિશ્વકર્મા સર્જક હતા અને આપણે બધા એના વારસ બનીને સારા સમાજના સર્જક બની શકીએ, પાંચક બની શકીએ સર્વધક બની શકીએ તેવી સમગ્ર વિશ્વકર્મા સમાજને અમારી શુભકામના. પૂ. અપૂર્વમુનિ સ્વામીએ વિશ્વકર્મા સમાજને વિશ્વકર્મા જયંતીની શુભેચ્છા પણ આપી હતી.

અત્રે યાદ રહે કે, પૂ. અપૂર્વ સ્વામીની તબિયત અસ્વસ્થ છે. અને સારવારમાં ઘણો સમય જતો હોય છે. અને તેમાં જ વ્યસ્થ રહે છે. આવી પરિસ્થિતિમાં પણ વિશ્વકર્મા વિશ્વના વિશ્વકર્મા જયંતી વિશેષાંકનું સ્વામી નારાયણ ભગવાન પાસે પૂજન કરી વિમોચન કર્યું. તે વિશ્વકર્મા વિશ્વ પરિવારનું સદ્‌ભાગ્ય અને વિશ્વકર્મા સમાજ પ્રત્યેનો તેમનો પ્રેમ પ્રતિવાદીત થાય છે.

વિશ્વકર્મા વિશ્વનો ૨૦૦૪માં પૂ. મોરારિબાપુના હસ્તે વિમોચન થયું હતું. આ સમયે તેમણે આર્શીવચન આપેલા કે વિશ્વકર્મા વિર્રૂ વ્યાપી બને.

આજે વિશ્વકર્મા વિશ્વના વાંચકો દેશ અને વિદેશમાં ફેલાયેલા છે. વિશ્વકર્મા વિશ્વની ડીઝીટલ એડીશન પણ દેશ વિદેશના દોઢ લાખથી વધુ વાંચતા થયા છે. વિશ્વકર્મા વિશ્વએ શરૂઆતથી જ દીપોત્સવી અને વિશ્વકર્મા જયંતી વિશેષાંક પ્રસિદ્ધ કરતું રહયું છે. પૂ. અપૂર્વમુનિ સ્વામીએ વિશ્વકર્મા વિશ્વના ૨૨માં વર્ષનો વિશેષાંક વિમોચન કર્યું હતું. ૧૦૪ પાનાના આ વિશેષાંકમાં વિવિધ વાચન સામગ્રીનો રસથાળ પીરસવામાં આવ્યો છે. વિશ્વકર્મા વિશ્વ યાજ્ઞિક રોડ પરના રાજેશ બુક સ્ટોલ પર મળી શકશે. વધુ વિગત માટે રમ્ય પબ્લિકેશન, ૩૨૦ હીરાપન્ના, યાજ્ઞિક રોડ, રાજકોટ. મો. ૯૦૯૯૯૪૯૫૬૫.

# યુવા એડવોકેટ હિરેનભાઇ ગજજરને કેન્દ્ર સરકારે 'નોટરી' તરીકે નિમ્યા

રાજકોટમાં છેલ્લા ૧૬ વર્ષથી રેવન્યુ અને સિવિલની પ્રેકટીસ કરીને નામના મેળવી ચુકેલ યુવા એડવોકેટ હિરેનભાઇ અરવિંદભાઇ ગજજરની ભારત સરકારે નોટરી તરીકે નિમણુંક આપી છે. હિરેનભાઇ નોટરી બનતા ચારેય તરફથી તેમના પર અભિનંદનનો વરસાદ વરસી રહયો છે.



હિરેનભાઇ ગજજર રાજકોટમાં ૪૧ વર્ષથી રેવન્યુ અને સિવિલની પ્રેકટીસ કરતા શ્રી અરવિંદભાઇ ગજજરના સુપુત્ર છે. અરવિંદભાઇ ગજજર વકીલના વ્યવસાયની સાથે સમાજ સેવા ક્ષેત્રે પણ વર્ષોથી કાર્યરત છે. તેઓ શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળના અધ્યક્ષ છે. સાથોસાથ શ્રી વિશ્વકર્મા સંકટ નિવારણ સંસ્થામાં ઉપપ્રમુખ છે. તેમજ અખિલ વિશ્વકર્મા સુથાર સંઘ ગુજરાતના હોદ્દેદાર છે. તો રાજકોટ વૈષ્ણવ સંઘમાં પણ મહત્વના હોદ્દા પર બિરાજમાન છે. આવો બહુમુખી પ્રતિભા ધરાવતા જાણીતા એડવોકેટ અરવિંદભાઇ ગજજરનો પુત્ર હિરેને પણ બી.કોમ. એલએલબી કરીને ૨૦૦૯માં વકીલાતની સનદ મેળવી પ્રેકટીસ મેળવી રહયો છે. હિરેન પિતા અરવિંદભાઇ સાથે કરે છે.

વૈષ્ણવાચાર્ય દ્વારકેશલાલજી મહોદય શ્રી (કડી-અમદાવાદ) અને વિશ્વકર્મા પ્રભુજીના આશીર્વાદથી કાલાવડ રોડ પર કોટેચા ચોક પાસેના અદ્યતન કોમ્પ્લેક્ષ 'અનંત'માં તેઓ અદ્યતન ઓફીસમાં પ્રેકટીસ કરી રહયા છે.

હિરેનભાઇ ગજજરની કેન્દ્ર સરકારે નોટરી તરીકે નિમણુંક આપતા શ્રી ગુર્જર સુથાર પ્રગતિ મંડળના પ્રમુખ રમણીકભાઇ પાટણવાળિયા, અખિલ ગુ.વિ. સુથાર સંઘના અધ્યક્ષ યોગીનભાઇ છનિયારા, વિ. સંકટ નિવારણ અને વિદ્યા પ્રચારક મંડળના પ્રમુખ જવફફિમ ઈવફક્ષમયિતવફ, કુમાર છાત્રાલય અને ગુર્જર સુતાર જ્ઞાતિના પૂર્વ પ્રમુખ સુર્યકાન્ત વડગામા, ગુ.સુ. જ્ઞાતિના ઉપાધ્યક્ષ જગદીશભાઇ સોંડાગર વગેરેએ તેમને અભિનંદન આપ્યા છે. રાજકોટ વૈષ્ણવ સંઘના કાર્યકર અલ્પેશભાઇ ખંભાયતાએ પણ હિરેનભાઇની ઓફીસે જઇ સન્માન કર્યુ હતું.

વિશ્વકર્મા વિશ્વના તંત્રી પ્રવીણ ગજજરે પણ વિશ્વકર્મા વિશ્વ પરિવાર વતી હિરેનભાઇ ગજજરને શુભેચ્છા આપી છે.

# શ્રી વિશ્વકર્મા મંદિર ગુર્જર સુતાર સમાજ-પ્રભાસપાટણ દ્વારા શ્રી વિશ્વકર્મા જયંતિ પ્રાગટ્ય ઉત્સવ







શ્રી વિશ્વકર્મા જયંતિ પ્રાગટ્ય ઉત્સવ શ્રી વિશ્વકર્મા મંદિર ગુર્જર સુતાર સમાજ દ્વારા ઉજવવાનું આયોજન કરવા આવેલ તેમાં સમાજના ભાઈઓ અને બહેનો એ બહોળી સંખ્યા લાભ લઈ ધામધૂમથી ઉજવેલ સાથે ધ્વજારોહન તથા મહાઆરતીનો લાભ લઈ મહાપ્રસાદ લઈ ધન્યતા સાથે ઉત્સવની સમાપન કરવામાં આવેલ.

# કિરણબેન અનુવાડીયાનું અકાળે અવસાન : જાણે મધ્યાહ્‌ને સુર્યાસ્ત



જામનગર શહેર પ્રાંત અધિકારી (ડેપ્યુટી કલેકટરશ્રી)ની કચેરીમાં નાયબ મામલતદાર તરીકે ફરજનિષ્ઠ રહેલ સદ્‌ગત કિરણબેન મુકેશભાઈ અનુવાડીયા તા. ૧૧-૦૨-૨૦૨૫, સોમવારના રોજ મોડી રાત્રે શ્રીજી ચરણ પામેલ. એ દિવસે સવારે શ્રી વિશ્વકર્મા જયંતિને પાવન દિવસે કિરણબેનને તેમની અજોડ સેવાઓ બદલ શ્રી વિશ્વકર્મા મંદિરે જ્ઞાતિ સભામાં 'જ્ઞાતિરત્ન એવોર્ડ' થી સન્માનિત કરાયેલ ત્યારે કયાં ખબર હતી કે તેઓ આમ અનંતયાત્રાએ નિકળી જશે ?

કિરણબેન કે જેઓ કુંદનબેન તથા નવિનચંદ્ર નારણદાસ પેશાવરીયા (મૂળ દ્વારકા)નાં સંતાનોમાં સૌથી મોટા બહેન થાય તથા નાના ભાઈ સ્વ. સુનિલભાઈ (૨૦૨૦) તથા મિતલબેન હિમાંશુભાઈ આમરણીયા (ચીફ એકાઉન્ટન્ટ, હેડ પોસ્ટ ઓફિસ-જામનગર, તથા મંત્રીશ્રી મહિલા મંડળ) ના નાના બહેન થાય. કિરણબેનનો જન્મ જામનગર ખાતે વર્ષ ૧૯૮૦ માં થયેલ અને તેમના પતિ મુકેશભાઈ વૃજલાલ અનુવાડીયા સેલ્ફ એમ્પ્લોઇડ ધંધો તથા એજન્સી ધરાવે છે અને પુત્ર દેવાંશુભાઇ હાલ આઈ.ટી. માં કોલેજમાં અભ્યાસ કરે છે.




કિરણબેન ભણવામાં ખુબ જ તેજસ્વી હોય તેઓએ કોલેજમાં બી.કોમ. ડી.સી.એસ. ડીગ્રી બાદ વર્ષ ૨૦૦૯ માં બિન સચિવાલય સહાયક કારકુન ની જગ્યામાં સીધી ભરતીથી પસંદગી પામતા જીલ્લા કલેકટરશ્રીની કચેરી-જામનગર ખાતે પ્રથમ નિમણુંક પામેલ. ત્યારબાદ વર્ષ ૨૦૧૫માં જામનગર ગ્રામ્યમાંથી જામનગર શહેર પ્રાંત કચેરી, વર્ષ ૨૦૧૬ માં નાયબ કલેકટરશ્રીની કચેરી-જમીન સંપાદન અને પુનઃવસન (સિંચાઈ)-જામનગર, વર્ષ ૨૦૧૬ માં કલાર્ક તરીકે મામલતદારશ્રીની કચેરી-જોડીયા, વર્ષ ૨૦૨૦ માં નાયબ મામલતદારશ્રી તરીકે બઢતી પામ્યા બાદ વર્ષ ૨૦૨૨ માં નાયબ મામલતદારશ્રી ધ્રોલ તથા હાલમાં વર્ષ ૨૦૨૪ માં જીલ્લા કલેકટરશ્રીની કચેરી - જામનગર ખાતે નાયબ મામલતદારશ્રી તરીકે અને ચૂંટણી વિભાગમાં સુપેરે પોતાની કર્તવ્યનિષ્ઠ ફરજો નિભાવેલ. આમ તેઓના ઝળહળતા કાર્યકાળમાં તેમણે પ્રમાણીક ફરજો નિભાવવાની સાથે સરકારી નીતિરીતીનાં ચુસ્ત પાલન કરવાની સાથે અરજદારોને રાહતરૂપ ફરજ બજાવી હતી, જેઓની કાર્ય પ્રણાલીથી તેઓના ઉપર ઉચ્ચ અધિકારીઓને પણ ખુબ જ ગૌરવ થતું હતું.

કિરણબેન જ્ઞાતિમાં પણ પોતાના સેવાલક્ષી કાર્યો અને અભિગમ દ્વારા ખુબ જ સારી નામના ધરાવતા હતા, સમાજમાં સૌને ઉપયોગી થવાની તેઓની ઉદાર ભાવના દ્વારા તેઓ જ્ઞાતિની બહેનો માટે વિધવા સહાય યોજના, વિશ્વકર્મા યોજના, સમૂહ લગ્નમાં કન્યાને નોંધણી તથા મળતા લાભ, સુકન્યા યોજના, વહાલી દિકરી યોજના, સાત ફેરા યોજના તથા સેવા સદનને લગત કાર્યો આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ ને લગતા કેમ્પ તથા કાર્યો જ્ઞાતિજનોને ખુબ જ સરળતાથી તથા સહદય કરી આપેલ છે. તેમજ જ્ઞાતિના તમામ તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારોહમાં વિદ્યાર્થી લીસ્ટ બનાવવાની સાથે સંચાલન અને આયોજનની જવાબદારી પણ નિભાવેલ, જે સર્વે કાર્યો નિભાવવાની સાથે સેવા આપવાની નેમ તરીકે તેઓ જ્ઞાતિ સમિતિમાં શ્રી વિશ્વકર્મા સર્વિસ ગ્રુપના સહમંત્રી તથા મહિલા મંડળના સક્રિય સભ્ય તરીકે સેવાઓ નિભાવેલ તથા તેમની તમામ સેવાઓની વિશેષ નોંધ લઇને તેમને શ્રી જામનગર ગુર્જર સુતાર જ્ઞાતિ નિયામક સમિતિ પ્રમુખશ્રી રમણીકભાઈ ગોરેચા, ટ્રસ્ટીશ્રી દયાળજીભાઈ ભારદીયા(દિલીપ મામા) ટ્રસ્ટીશ્રી અશોકભાઈ આમરણીયા, કાર્યવાહક પ્રમુખશ્રી ભરતભાઈ વડગામા તથા તમામ કમિટી સભ્યોએ ખાસ

**શબ્દાંજલી**

**ડો. હિમાંશુ આમરણીયા**

'સીલ્વર મેડલ' અને 'જ્ઞાતિરત્ન એવોર્ડ'થી સન્માનિત કરેલ.

અને શ્રી વિશ્વકર્મા જયંતિ-૨૦૨૫ ની તરત જ પહેલાં જાન્યુઆરી-૨૦૨૫ માં યોજાયેલ સમૂહ લગ્નમાં વિસ્તૃત સેવાઓ આપેલ તથા રણજીતપર મુકામે વાડી શાળાનું આપણાં ભામાશા શ્રી અમુભાઈ ભારદીયાનાં અનુદાન દ્વારા નવીનીકરણ બાદ લોકાર્પણમાં જીલ્લા કલેકટરશ્રી-જામનગર નાં મુખ્ય મહેમાન પદે સમગ્ર કાર્યક્રમનું આયોજન તથા સમગ્ર શિક્ષણ જગત સ્ટાફ સાથે સંકલન દ્વારા શિક્ષણના એક ઉત્કૃષ્ટ કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી જામનગર ગુર્જર સુતાર જ્ઞાતિ કમિટીનાં સહયોગ સાથે કરેલ.

તેઓ શ્રી વિશ્વકર્મા દાદાના આશીર્વાદથી કાર્યકુશળતામાં સિલાઈ, નીટીંગ, ભરતકામ, ડ્રોઈગ, પેઈન્ટીંગ, કોમ્પ્યુટર ગ્રાફીકસ ડીઝાઈનીંગ, ટેલી તથા કાર્યક્રમ સંચાલન, સુત્રધાર અને મોટીવેશનલ સ્પીકર તરીકે પણ નિપૂણ હતાં.

સરકારી ફરજ બજાવવાની સાથોસાથ સમાજ સેવા માટે પણ સતત દોડતા રહેલા જામનગરના નાયબ મામલતદાર કિરણબેન અનુવાડીયાની કારકિર્દીનો સુર્ય મધ્યાહને તપતો હતો તેવા સમયે જ તેમનું યુવાન વયે અચાનક અવસાન થયું હોવાથી સમાજે મધ્યાહને સુર્યાસ્ત થયો હોવાની અનુભૂતિ કરી હતી.

આપણે તમામ જ્ઞાતિજનો સદ્દગત કિરણબેનનો સદાય સ્મિત ભર્યો ચહેરો વિસરી શકીશું નહીં અને એમના કાર્યો આપણને સૌને પ્રેરીત કરતાં રહેશે એવી ભાવના સાથે ભારે હદયે આપણે તેમને શ્રદ્ધાંજલી અર્પણ કરીએ છીએ, જય વિશ્વકર્મા.

# શ્રી વિશ્વકર્મા પરિવાર મંડળ તાલાલાગીર દ્વારા વિશ્વકર્મા જયંતીની ભાવપૂર્વક ઉજવણી







શ્રી વિશ્વકર્મા પરિવાર મંડળ તાલાલા(ગીર) દ્વારા તા. ૧૦-૦૨-૨૫ને વિશ્વકર્મા જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સવારે ૧૦ વાગ્યે વિશ્વકર્મા દાદાની પુજા કરવામાં આવી હતી અને ૧૧.૩૦ કલાકે આરતી કરવામાં આવી હતી. બપોરે ૧૨ કલાકે જ્ઞાતિની સાધારણ સભા રાખવામાં આવી હતી. જેમાં મંડળના પ્રમુખ ગોપાલભાઇ વડગામાના અધ્યક્ષસ્થાને મિટીંગ મળેલ જેમાં જ્ઞાતિના ઉત્કર્ષ માટે જરૂરી નિર્ણયો લેવામાં આવ્ય હતા. બાદમાં સમાજનાં વડીલોનું સન્માન કરવામાં આવેલ તથા વિદ્યાર્થીઓને વિનામુલ્યે નોટબુક વિતરણ કરવામાં આવેલ.

મંડળના પ્રમુખ ગોપાલભાઇ વડગામાની અખિલ વિશ્વકર્મા સુથાર સંઘ ગુજરાતની કમિટીમાં સભ્યપદે વરણી કરવામાં આવેલ છે તેથી વિશ્વકર્મા પરિવાર મંડળના સદસ્યો તેમની આ વરણી બદલ તેમનું સન્માન કરવામાં આવેલ.

આ પ્રસંગે પધારેલા દરેક જ્ઞાતિજનોએ બપોરે તથા સાંજે આરતી બાદ સુમહ ભોજન પ્રસાદ લીધો હતો. આ વિશ્વકર્મા જયંતીની ઉજવણીમાં પરિવાર મંડળના પ્રમુખ ગોપાલભાઇ વડગામા, ઉપપ્રમુખ હરજીવનભાઇ સુદ્રા, મંત્રીશ્રી મહેશભાઇ પંચાસરા, સહમંત્રી હિરેનભાઇ તલસાણિયા, ખજાનચી લાલજીભાઇ સુદ્રા, સભ્યશ્રીઓમાં કાંતીભાઇ બકરાણીયા, દિલીપભાઇ બકરાણિયા, ચિમનભાઇ જાદવાણી, વિશાલભાઇ સંચાણીયા, હરસુખભાઇ વડગામા તથા કાંતીભાઇ જાદવાણીએ જહેમત ઉઠાવી હતી.

કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું એક માત્ર મલ્ટી મીડિયા મેગેઝીન

# વિશ્વકર્મા વિશ્વ

**ઘર બેઠા લવાજમ ભરો, ઘેર બેઠા વિશ્વકર્મા વિશ્વ મેળવો**



**લવાજમ ભરવા**

G Pay OR Paytm કરો

મો.૯૦૯૯૯ ૪૯૫૬૫ પર લવાજમ ભરી આજ નંબર પર
વોટસએપ પર એડ્રેસ મોકલી આજ નંબર પણ જાણ કરો...

લવાજમ ભરવા માટે QR Code સ્કેન કરો...

**આપને ઘેર બેઠા વિશ્વકર્મા જયંતી અને દિપોત્સવી વિશેષાંક સાથે આખુ વર્ષ વિશ્વકર્મા વિશ્વ મળતુ રહેશે.**

**વિશ્વકર્મા વિશ્વ વિનામુલ્યે વાંચવા અને રોજેરોજના સમાચાર મેળવવા આજે જ મોબાઈલ એપ ડાઉનલોડ કરો...**

**www.vishwakarmavishwa.com**

**વધુ માહિતી સંપર્ક : પ્રવીણ ગજ્જર - મો. ૯૦૯૯૯ ૪૯૫૬૫**

VISHWAKARMA VISHWA(Gujarati), MONTHLY, RNI Regd. No. GUJGUJ/2013/49269. Post Reg. No. RAJKOT/497/2024-2026. Posted at Rajkot RMS on 10th of Every Month



## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ

# શ્રદ્ધાસુમન

## સ્વ. ધનજીભાઈ પ્રાગજીભાઈ પંચાસરા

**સ્વ. તા. ૦૪/૦૩/૨૦૨૪**

પરિવારને તો સમૃદ્ધ બનાવ્યો પણ સમગ્ર સમાજને પોતીકો પરિવાર ગણી તેને સમૃદ્ધ બનાવવા તન-મન-ધનથી સતત દોડતા રહીને સમગ્ર સમાજમાં આદરભર્યું સ્થાન મેળવનાર, કન્યા છાત્રાલયના કાયમી ટ્રસ્ટી સાથીદાર એવા પરોપજીવી માનવને અમારી હૃદયભીની શ્રદ્ધાંજલી

શ્રી વિશ્વકર્માવિદ્યા નિકેતન ટ્રસ્ટ સંચાલિત

## શ્રી ગુર્જર સુતાર કન્યા છાત્રાલય

શ્રી જગુભાઈ ભારદીયા (ચેરમેનશ્રી)
શ્રી રમેશભાઈ તલસાણિયા (વાઈસ ચેરમેન)

: ટ્રસ્ટીશ્રીઓ :

શ્રી કેતનભાઈ ગજજર • શ્રી અમિતભાઈ ખારેચા
શ્રી મગનભાઈ બોરાણીયા • શ્રી ભુપેન્દ્રભાઈ વેકરીયા
શ્રી રાજુભાઈ ભારદીયા • શ્રી કિશોરભાઈ ખંભાયતા
શ્રી યોગીન છનિયારા

નીરૂબેન ગજજર (ગૃહમાતા) – ઋષાબેન છત્રાલીયા (ગૃહમાતા)
કન્યા છાત્રાલયનો સ્ટાફ અને વિદ્યાર્થિનીઓ

VISHWAKARMA VISHAWA (GUJARATI-MONTHLY)
Editor-Publisher-Owner & Printer: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)